# સહજ-સત્સંગ

Year : 1 Issue : 12 Dt. 1-1-2014 Page - 52 માસિક



## ચાતુર્વણ્યનો આધાર



## મા મીરાંબિકા

..... all carry Thee in them selves and in the silence of their soul can hear the echo of Thy Voice.....

- The Mother

### તારા હાજરીનો પડઘો

હર વસ્તુ, વ્યક્તિ અજાણતા, હૃદયે તને ધારણ કરે,
પણ તેથી વાકેફના, તેથી ફંગોળાયા કરે.
પણ જો નીરવ થઈને, નિજ - આત્માને સાંભળે,
તો પડઘો તારા હાજરી તણો, ખચીત પકડી પાડશે.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## સર્વસમર્થ પૂર્ણઆનંદની સ્થિતિ

(તા.૦૮.૧૦.૧૯૧૪ - પૃ.૧૯૧)



અમને પ્રવૃત્તિમાં જો આનંદ મળી રહ્યો છે, તો એની સામી બાજુએ..... સર્વ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થવામાં પણ મળી આવે છે. આ બન્ને આનંદ એક બીજા સામે તોળાઈ રહ્યાં છે. આ બન્ને સ્થિતિઓ માણસમાં..... વારાફરતી આવતી જાય છે અથવા તો એ જ્યારે એકી સાથે અનુભવાય છે ત્યારે આનંદની પૂર્ણતા રચાય છે કારણ કે એ સ્થિતિમાં પ્રભુ, તારી પૂર્ણ સમૃદ્ધિનો અમને સાક્ષાત્કાર થતો હોય છે.

હે દિવ્યગુરુ, તારા દિવ્ય-ચિંતનોની અનંતતા તે મને બક્ષી છે. તારી શાશ્વતીની પૂર્ણશાંતિ તે મને આપી છે. અમારા મા ભગવતી સાથે..... મારું તાદાત્મ્ય રચી આપ્યું છે અને એ રીતે મને વરદાન આપ્યું છે કે હું સચેતન અને સક્રિય રીતે એની પરમશક્તિમાં સહભાગી બની શકીશ.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | |
| (સર્વસમર્થ પૂર્ણઆનંદની સ્થિતિ | ૩ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ |
| **દિવ્યજીવન** (વિશ્વ અને વ્યક્તિ) | ૮ |
| **માતૃવાણી** (પ્રાર્થનાઓ (પ્રભુને પુકાર) | ૧૨ |
| **સાવિત્રી** ઓંકાર : પ્રણવનું કાર્ય) | ૧૪ |
| **યોગ વિષે પત્રો** (અધિમનસનું અસ્તિત્વ) | ૧૮ |
| **ઉપનિષદો** (જગતો અને સૂર્ય) | ૨૦ |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૨ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** | |
| (પ્રાચીન યોગોને નિમ્ન લેખવાની વિકૃતિ) | ૨૫ |
| **જાતક કથાઓ** | |
| (ભણતર સાથે ગણતર પણ જોઈએ) | ૨૮ |
| **યોગ પર દીપ્તિઓ** (અધિમનસની આવશ્યકતા) | ૨૯ |
| **સાંજના વાર્તાલાપો** (અસુરોનું સ્વરૂપ) | ૩૨ |
| **વેદવિજ્ઞાન** (અર્યમા) | ૩૪ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** | |
| (ધ્યાન એટલે શું ?) | ૩૮ |
| **યોગનાં મૂળતત્ત્વો** (આત્મસમર્પણ) | ૪૩ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| (ધર્મ અને અધ્યાત્મ (૫૭)) | |
| ગત જન્મની સ્મૃતિઓ (૫૮) | ૪૫ |
| **નૂતન ચેતના** | ૪૭ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૧૨ વર્ષ : ૧
જાન્યુઆરી - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# સર્વસમર્થ પૂર્ણઆનંદની સ્થિતિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી જણાવે છે કે જીવનદ્વારા પ્રભુનો આવિર્ભાવ કરવો એ જ સર્વસમર્થ અને પૂર્ણ આનંદ છે. પ્રભુને જીવનની નિષ્ક્રિય અને શાંત ગહન ચિંતનાત્મક સ્થિતિમાં પણ પ્રગટ કરી શકાય છે અને સક્રિય એવી સ્થિતિમાં પણ પ્રગટ કરી શકાય છે. અક્ષર બ્રહ્મની ચેતનામાં સાધક પોતે કાર્ય કરતો જ નથી. પ્રકૃતિ કરે છે એવો ભાવ હોય છે. પોતે નિર્લેપ દૃષ્ટા બની રહે છે પણ આમાં પણ પ્રભુનો આનંદ પ્રગટ થાય છે. તે કર્મની નિવૃત્તિનો આનંદ હોય છે. તેથી પ્રભુનો સક્રિય અથવા નિષ્ક્રિય પૈકી ફક્ત એક દ્વારા જ આનંદને અનુભવવો, એ તો અપૂર્ણ આનંદ ગણાશે અને તેથી સમગ્ર આનંદની ઉત્કટતા નહિ હોય.

માતાજી જણાવે છે કે પ્રભુની મહેર છે કે તેમને નિષ્ક્રિય ચિંતનાત્મક સ્થિતિ દ્વારા પણ પ્રભુનો આનંદ મળી રહ્યો છે અને જગન્માતા સાથે એકરૂપ થઈને પ્રભુ પોતાને આનંદરૂપે પ્રગટ કરવા જે ઉત્ક્રાંતિ દ્વારા અનંત પ્રયત્નો કરી રહ્યાં છે તે દ્વારા પણ આનંદ મળી રહ્યો છે.

આ સક્રિય નિષ્ક્રિયતાની સ્થિતિ વારાફરતી આવે છે અને સાથે પણ. સાથેની સ્થિતિમાં પાર્શ્વભૂમિમાં અક્ષર પુરુષનો આનંદ તેઓ માણે છે અને અગ્રભાગે સક્રિય સગુણ પ્રભુનો.

બન્ને મળીને જ આનંદની પૂર્ણતાને પ્રાપ્ત કરી શકાય છે.

પ્રભુને જીવન દ્વારા પ્રગટ કરવા એ મહત્વનું છે. સક્રિય કે નિષ્ક્રય રીતે એ મહત્વનું નથી. પ્રભુના આવિર્ભાવમાં સીમાઓ શા માટે બાંધવી ? પૂર્ણ પ્રભુને મુક્ત રીતે પ્રકટ થવા દેવા એ જ મહત્વનું છે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

**અતિમનસ શું છે?**

શ્રી અરવિન્દ કહે છે કે ''અતિમનસ એ કોઈ મહાજટિલ તત્ત્વ નથી. એ સ્વયંભૂ સીધેસીધી ઋત્ ચેતના છે. પોતાની મેળે જ કાર્યસાધક એવી સીધેસીધી શક્તિ છે.'' સામાન્ય ભાષામાં કહેવું હોય તો એ પરમાત્માની પોતાની ચેતના છે. એમ કહી શકાય. એ પરમાત્માની ચેતના હોવાથી તે પોતે પૂર્ણ છે. જ્ઞાન રૂપ છે, પ્રકાશરૂપ છે, સત્યરૂપ છે, શક્તિરૂપ છે. આપણું સામાન્ય મન પરમાત્માની આ શક્તિને જાણી શકવા સમર્થ નથી. પરંતુ વ્યક્તિ જો અંતરથી જાગૃત થાય તો તેની અનુભૂતિ કરી શકે. શ્રી અરવિન્દ આ વિશે સમજાવતાં જણાવે છે કે 'અતિમનસ પોતે એક જુદી જ વસ્તુ છે. એ સ્વયંસિદ્ધ છે. પણ યંત્રની પેઠે નહીં. એ સ્વયં પ્રકાશ છે. એકવાર તમે એને પ્રાપ્ત કરો પછી તમારી મરજી હોય તો તમે સૂર્યના દ્વારમાં થઈ નિર્વાણ પામી જઈ શકો છો. એના કરતાં ઊંચે જાઓ તો એ ભૂમિકા એવી છે કે જ્યાં સૂર્યની પણ જરૂર પડતી નથી અને એના કરતાં પણ ઊંચે જાઓ તો..... પરંતુ એકવાર અતિમનસને સ્થૂળ ભૂમિકામાં ઉતાર્યા પછી જ બધું શક્ય બને છે. એની પ્રાપ્તિ પછી આત્મા પુષ્પની પેઠે સહજ અને સરલ વિકાસ પામે છે.''

**અતિમનસ ચેતનાનાં લક્ષણો :**

અતિમનસ ચેતનાના મુખ્ય બે લક્ષણો શ્રી માતાજીએ બતાવ્યાં છે. એક તો છે, તાદાત્મ્ય દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ. એટલે કે આ ચેતનામાં વિચાર ધારા નહીં પણ તાદાત્મ્ય દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અત્યારે આપણે કંઈ પણ જાણવું હોય તો મનથી વિચાર કરવો પડે છે, પણ અતિમનસ ચેતના જ્યારે સક્રિય બનશે, ત્યારે વિચાર દ્વારા જ્ઞાન નહીં હોય પણ એ વસ્તુના સાથેની તાદાત્મ્ય દ્વારા આપોઆપ

એ વસ્તુનું જ્ઞાન મળી જતું હશે. કેમકે એ વસ્તુ સાથે એકતા અનુભવાતી હોવાથી તેનું જ્ઞાન સહજ મળી જશે.

**બીજું લક્ષણ સંપૂર્ણ સમતાનું છે :**

અતિમનસ ચેતનામાં આઘાત પ્રત્યાઘાતો નહીં, પણ દરેક પરિસ્થિતિમાં સંપૂર્ણ સમતા હશે. આ પૂર્ણ સમતાની સ્થિતિ એટલે માણસની આંતરિક સ્થિતિમાં કોઈપણ જાતનો વિક્ષેપ ન પડે તેવી સ્થિતિ. આ સ્થિતિ વિશે સમજાવતા શ્રી અરવિન્દે જણાવ્યું છે કે આ એક એવી સ્થિતિ છે જે વસ્તુઓ વ્યક્તિઓ, સર્વે સાથેના સંબંધોમાં ચેતનાની સ્થિતિમાં કાંઈ પરિવર્તન આવતું નથી. અલબત્ત આ બધાંમાંથી બહારથી મોજાઓ માણસની અંદર આવતા જ રહે છે, પણ આ બહારથી આવેલા મોજાંઓ ચેતનાની આંતરિક સ્થિતિને બદલી શકતાં નથી. એટલે કે જ્યારે દિવ્યશક્તિ ભગવાનની ચેતના સાથે એકરૂપ હોય ત્યારે બહારની ઘટનાઓ માત્ર મોજાં રૂપે અનુભવાય પણ તેને ખળભળાવી શકે નહીં.

આ ઉપરાંત અતિમનસ ચેતનાની સ્વાભાવિક શક્તિઓ છે; પ્રકાશ, આનંદ, સૌંદર્ય અને સત્કાર્યની સ્વયંભૂ પૂર્ણતા. અતિમનસ ચેતનાનું અવતરણ થતાં મનુષ્યમાં આ શક્તિઓ પ્રગટ થાય છે અને તેનું આખું સ્વરૂપ પછી બદલાઈ જાય છે.

આ ઉપરાંત આ ચેતનામાં શાંતિ અને ક્રિયાત્મકતા બંને એક સાથે હોય છે. સામાન્ય મનની ભૂમિકામાં તો સંપૂર્ણ શાંતિ અને ક્રિયાત્મકતા બંને વિરોધી તત્ત્વો જણાય છે. પણ અતિમનસમાં જ્ઞાન અને શક્તિ બંને એકરૂપ જ છે.

અતિમનસનું અવતરણ થતાં આ શક્તિઓ આપોઆપ મનુષ્યમાં કાર્યરત બને છે. પછી આ શક્તિઓ દ્વારા મન, પ્રાણ અને શરીરનું દિવ્ય રૂપાંતર સધાય છે. શ્રી માતાજીએ પણ આ અતિમનસ શક્તિની પોતાની અનુભૂતિ વિશે શિષ્યને કહ્યું હતું કે, ''એ એક સુવર્ણમયી શક્તિ છે. પ્રચંડ અને સઘન હોવા છતાં પણ ભૌતિક નથી. તે શક્તિ સીધેસીધી કાર્ય કરે છે. એ કરુણામયી છે. નમ્રતાથી સભર એ એક આનંદમય શક્તિ છે.'' આ શક્તિ જ્યારે જગતમાં સંપૂર્ણપણે

(અનુ. પૃ. ૩૧ ઉપર)

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## વિશ્વ અને વ્યક્તિ
પ્રકરણ - ૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

મનનો પ્રદેશ ખૂબ જ વિસ્તારવાળો છે. આપણે જેને મન સમજીએ છીએ એ તો અજ્ઞાની અને અશુદ્ધ મન છે. આ અશુદ્ધ અને અજ્ઞાની મનની ઉપર મનનાં જ એકથી એક વધારે શુદ્ધ અને દિવ્ય તબક્કાઓ છે. આ મનમાં જ્યારે આદર્શમય વિચારો પ્રવેશે છે અને તેને સર્વસામાન્ય માનવમાંથી આદર્શમાનવ બનવા પ્રેરે છે. ત્યારે ઊર્ધ્વમનનો તબક્કો આવિર્ભાવ પામે છે. આ આદર્શોની પાછળ દોડ મૂકવાથી તે અહંકારમાંથી મુક્ત થઈ વધારે વિશાલતા અને પ્રકાશ ધારણ કરતો જાય છે. તે બાદ મન વધારે શુદ્ધ થતાં પ્રકાશમય મન અને તે બાદ આંતરિક જ્ઞાનના ઝરણાઓ મનમાં સક્રિય બનીને ઠલવાવા માંડે છે. આ આંતરપ્રેરણાયુક્ત મન છે. હવે આ આંતરપ્રેરણાઓને લીધે વૈશ્વિક શક્તિઓનો કેવી રીતે ઉપયોગ કરવો તેનું જ્ઞાન પ્રકટ થવા માંડે છે. અને વૈશ્વિક શક્તિઓની મદદથી તે સાધક વૈશ્વિક સમસ્યાઓનું નિરાકરણ કરતાં શીખે છે. આ સમગ્ર વિકાસમાં વ્યક્તિ ચેતના જાણતાં અજાણતાં વિશ્વ ચેતના સાથે એકરૂપતા સાધે છે. વ્યક્તિ અને વિશ્વ હવે સાચા અર્થમાં એક બીજાને સમજે છે અને ઓળખે છે. બંનેનો વિનિમય પણ બંધનોથી રહિત અને મુક્ત બને છે. સાધકને એમ લાગે છે કે વિશ્વચેતનાનું તે પોતે એક આવિર્ભાવ કેન્દ્ર બની ગયો છે. આ અંશ અંશી ભાવ એ જ તેમના સાચા સંબંધોની ઓળખાણ કરાવે છે.

સાધકને હવે જડ પદાર્થની જડતાનું પણ સાચું સ્વરૂપ સમજાય છે. જડતા એ

ખરેખર તો સમતાનું જ એક ભૌતિક સ્વરૂપ છે. જેમ જેમ સાધકની ચેતના પ્રાણમય અને મનોમય ચેતનાની ઉપર ઉઠતી જાય છે. તેમ તેમ તેનું મન વધારે ને વધારે સમતા ધારણ કરતું થાય છે. તે સુખ અને દુઃખમાં, માન અને અપમાનમાં, યશ અન અપયશમાં, બધાં જ દ્વંદ્વોમાં એક જાગૃત અને સ્થિર સમતાને પ્રાપ્ત કરે છે. આ સમતા અજ્ઞાનજન્ય અભાન અને જડ નથી હોતી પણ જ્ઞાન ઉપર અધિષ્ઠિત, સભાન અને સક્રિય સમતા હોય છે. આ સમતાનો આધાર હોય છે સ્વ ઉપરનું પૂર્ણ નિયંત્રણ, એક જ્ઞાનમય વિવેક અને વૈરાગ્ય જે પહેલાંના વિકારો અને મોહોને નાથીને શાંત ચેતના તરીકે સ્થિર રહેવામાં મદદ કરે છે.

આ રીતે વ્યક્તિ અને વિશ્વ એક બીજાના પૂરક બને છે. બંનેને ઉત્ક્રાંતિમાં એક બીજાની જરૂર છે. વ્યક્તિની પ્રગતિ અંતે વૈશ્વિક પ્રગતિને મદદ કરે છે. અને વૈશ્વિક વાતાવરણ અંતે વ્યક્તિને પોષણ આપી તેની સાધનામાં પ્રગતિ કરાવે છે. અંતે વિશ્વ શું છે તો તે દિવ્ય-ચેતનાની અસીમ સ્થળ અને કાળમાંની એક અશુદ્ધ અને અભાન અવસ્થા માત્ર છે. અને વ્યક્તિ આ જ અશુદ્ધ અને અભાન અવસ્થાનું નિશ્ચિત કાળમાં થયેલો એક આવિર્ભાવ છે. વિશ્વ સમુદ્ર છે તો વ્યક્તિ તેની એક લહેર છે, જે સમુદ્રમાં નિર્માણ થાય છે અને પાછી સમુદ્રમાં જ વિલીન થઈ જાય છે.

વિશ્વ પોતામાં પરમ ચેતનાને પામવા પ્રયત્ન કરે છે. પણ તે માટે તેણે પોતાની અંદર જ પોતાના જ વિવિધ કેન્દ્રો નિર્માણ કરવા પડે છે. આવા કેન્દ્રો એ જ વ્યક્તિઓ હોય છે. વ્યક્તિઓ દ્વારા જ વિશ્વ અર્થાત્ પ્રકૃતિ અર્થાત્ નિસર્ગ પોતે પરમ-ચેતનાનો સાક્ષાત્કાર કરી શકે છે. આમ પરમ-ચેતના જ પ્રકૃતિ બન્યા બાદ આ પ્રકૃતિ જ ધીમે ધીમે ફરી પરમ-ચેતનાની અવસ્થા પ્રાપ્ત કરતી હોય છે.

આથી વિરુદ્ધ વ્યક્તિને પણ પોતાના વ્યક્તિત્વમાંથી ઉપર ઊઠીને પોતાને દિવ્ય વ્યક્તિત્વમાં પ્રવેશવું પડે છે. વિશ્વમયતામાં પ્રવેશવું પડે છે. તેની સિવાય દિવ્ય-ચેતનાને તે ધારણ કરી શકતો નથી. તેણે જે હેતુથી જન્મ લીધેલ છે, તે હેતુ પૂરો કરવા તેણે અહંકારમાંથી ઉપર ઊઠવું જ પડે છે.

આ વ્યક્તિ એટલે એક મનોમય પુરૂષ છે. તે પશુથી ઉપર ઉઠેલો છે. પશુને પોતાની ભૌતિક જરૂરિયાત પૂરી થતા જીવનમાં બીજી જરૂરિયાત રહેતી નથી. પણ

આ 'મનુ'ને ભૌતિક જરૂરિયાતો પૂરી કરવા છતાં તે સંતુષ્ટ થતો  નથી. આ 'મનુ' દેવ પણ નથી. દેવ પોતાનું નિયત કામ કરીને સંતોષ માને છે. તેને વધારે પ્રગતિની ઈચ્છા નથી. તે ગતિશીલ નથી. છે એ સ્થિતિમાં સંતુષ્ઠ છે પણ માનવ આવો નથી. તે સતત પ્રગતિ કરવા ઈચ્છે છે અને જે પ્રાપ્ત છે તેથી કાયમ અસંતુષ્ઠ રહે છે. તેનો આ અસંતોષ જ તેની પ્રગતિ કરાવે છે.

વ્યક્તિ બે નકારમાંથી પ્રગતિનાં માર્ગે આગળ વધે છે. એક નકાર પોતાની માટેનો હોય છે. તે પોતાની મનોમય ચેતનામાંથી ઉપર ઊઠે છે અને પોતે મૂળભૂત રીતે તેથી જુદો છે એવું અનુભવે છે. આ પોતાનો નકાર એ પ્રથમ નકાર છે. તેનો બીજો નકાર એ હોય છે કે તેને પરમ-ચેતના ક્યાંક પોતાની બહાર ઊર્ધ્વમાં છે એમ લાગતું નથી. તે આવી પોતાથી જુદી એવી પરમ-ચેતનાને નકારે છે. તેને બદલે તેને એવું અનુભવાય છે કે પરમ-ચેતના તેની અંદર જ છે. તે પોતે જ છે. તેની ચેતના એ તો પરમ-ચેતનાનો જ એક આવિર્ભાવ માત્ર છે. આ રીતે મનોમય પુરૂષ પોતાના સ્વરૂપને પણ ત્યાગે છે અને સાથે સાથે એ વખતની પરમ-ચેતનાની કલ્પના કે પરમ-ચેતના પોતે નથી પણ ઊર્ધ્વમાં ક્યાંક છે એ કલ્પનાને પણ તે ત્યાગે છે.

આ બે નકાર હોય છે તેમાં, વ્યક્તિ જે નકાર આપે છે તે તેણે બાંધેલા ખોટા ખ્યાલોનો નકાર હોય છે. પોતે એક સ્વતંત્ર મનોમય પ્રાણી જ છે. અને પરમ-ચેતના તેનાથી તદ્દન જુદા જ પ્રકારની આઘે આઘે વસતી ચેતના છે. આ બંને કલ્પનાઓ જ ખોટી હોય છે. અને તેથી આ બંને વચ્ચેના સંબંધો બાબત પણ ખોટી કલ્પના નિર્માણ થાય છે. બે સ્વતંત્ર અને અસંબંધિત વસ્તુ વચ્ચેનો આ સંબંધ છે એ તેની ખોટી કલ્પના હોય છે. વાસ્તવિકતા એ છે કે વ્યક્તિ અને પરમ-ચેતના અસંબંધિત નથી. જુદા નથી. તેમની વચ્ચે બહુ જ ગાઢ સંબંધ છે. તે સંબંધ છે તાદાત્મ્યનો, એકતાનો, એકરૂપતાનો તે સંબંધ છે - અંશ અને 'અંશીનો' . પરમ ચેતનાથી જુદા પડવાથી જ દુઃખ, રોગ, મૃત્યુનો આવિર્ભાવ થયો છે. ખોટાં સંબંધોને કારણે જ વિકૃતિઓ નિર્માણ થઈ છે અને તે ખોટા સંબંધોના ખ્યાલો ત્યાગીને જ અને સાચો સંબંધ સ્થાપીને જ આપણે દુઃખ, રોગ, મૃત્યુ ઉપર વિજય મેળવી શકીશું. ખોટા ખ્યાલો અજ્ઞાનજન્ય હોય છે. અજ્ઞાનને

કારણે ખોટા ખ્યાલો બંધાય છે. તેથી જ વેદો કહે છે કે અજ્ઞાનને કારણે જ બધી વિકૃતિઓ નિર્માણ થયેલ છે. જ્યારે અજ્ઞાન દુર થાય છે ત્યારે ખોટા ખ્યાલો પણ દુર થાય છે અને સાચા સંબંધો સમજાય છે. સાચા સંબંધોમાં પહેલાં દેખાતાં દુઃખો, રોગો અને મૃત્યુ એ સંકટો અને અવરોધો ન જણાતા પ્રગતિ માટેના યોગ્ય માધ્યમો જણાય છે. જેનો યોગ્ય સમજણથી ઉપયોગ કરીએ તો તેઓ પ્રગતિને વધારે વેગવંતી બનાવી શકે છે. જેમ જેમ પ્રગતિ થતી જાય છે, તેમ તેમ દુઃખ આનંદમાં, અદિવ્ય વસ્તુઓ દિવ્યતામાં અને મૃત્યુ અમરતના રૂપાંતરની એક પ્રક્રિયા તરીકે અનુભવાય છે. આ દૃષ્ટિકોણમાંનો તફાવત જ આ સમગ્ર ક્રાંતિ સર્જે છે. હવે શરીર અને મન બંને જુદા ન લાગતાં પરમાનંદને પૃથ્વી ઉપર સાકાર કરવાના સાધનો જણાય છે. ગૌતમ બુદ્ધે નિર્વાણની કલ્પના આપી. તે નિર્વાણ અર્થાત્ અંત દુઃખોનો, યાતનાઓનો અને વિકારોનો હોય છે. તેથી નિર્વાણનો અર્થ છે આનંદમાં અવરોધતા બધાં જ તત્ત્વોનો અંત લાવવો. તે આનંદનો જ પર્યાયી શબ્દ છે, પણ નકારાત્મક અર્થમાં. પરમાનંદ એ હકારાત્મક અર્થ છે. બંને એક જ સ્થિતિને જુદી જુદી રીતે વર્ણવે છે એટલું જ.

વાસ્તવિકતા એ છે કે બધું જ આત્મતત્ત્વ છે. પરમ-ચેતના છે. અને રોગ, દુઃખ, મૃત્યુ એ પણ એણે જ લીધેલાં સ્વરૂપો છે. તેના આ બાહ્ય સ્વરૂપો તરફ ન જોતાં, તેમાં રહેલા આંતરિક સત્યને ઓળખશું તો તે રોગ, દુઃખ અને મૃત્યુ તરીકે નહીં દેખાય પણ આપણી પ્રગતિ માટે જરૂરી પરિસ્થિતિ અને પરિવર્તન તરીકે જણાશે.

દિવ્ય-જીવનમાં આવો સાચો દૃષ્ટિકોણ વિકાસ પામતો હોય છે અને તેથી સર્વસામાન્ય માનવને અનુભવાતી યાતનાઓ, દુઃખો આવા સાધકને સંતપ્ત કરતી નથી. તેને તે પરમ-ચેતનાની લીલા લાગે છે. તેને વિકસાવવાના પ્રયત્નો લાગે છે અને દિવ્ય-જીવન જીવનાર સાધક તે પ્રયત્નોને અનુરૂપ થવાનો સહજ પ્રયત્ન કરે છે.

સમગ્ર વિશ્વ તેને પરમ-ચેતનાનો જ આવિર્ભાવ લાગે છે. અને પોતે તે આવિર્ભાવનો જ એક અંશ છે એવું તે અનુભવે છે. એક પ્રકારની એકતા તે વિશ્વ સાથે અનુભવતો હોય છે. આ જ વ્યક્તિ અને વિશ્વ વચ્ચેનો સાચો સંબંધ છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# પ્રાર્થનાઓ (પ્રભુનો પુકાર)

**(માતૃવાણી ભા.-૧૫, પૃ.૧૭૦-૧૮૩)**

પ્રકરણ - ૪૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

(૯) મારી અંદર રહેલી કોઈ પણ સચેતન કે અચેતન વસ્તુ તારા મંગલ- કાર્યની સેવામાં નિષ્ફળ ન બને.

(૧૦) પ્રભુ, તું મને કાર્ય કરવા માટે જે માર્ગદર્શન આપે છે તે વસ્તુ હું સિદ્ધ કરું. તારા સાક્ષાત્કારને લાયક બનું.

(૧૧) તારા વિજય માટે મારા હ્રદયને વિશાળ બનાવ.

(૧૨) પ્રભુ, બધી વસ્તુઓ વિષે મારી દૃષ્ટિ બિનઅંગત બને અને મારા કાર્યો રૂપાંતર પામે.

(૧૩) પ્રભુ, તારામાં મુશ્કેલીઓ પર વિજય અપાવતો સ્થિર-વિશ્વાસ, સ્થિર- શ્રદ્ધા અને શાંત-શક્તિ મને આપ.

(૧૪) પ્રભુ, હું સંપૂર્ણ અને શાશ્વતરૂપે તને વફાદાર રહું.

(૧૫) મારા પ્રભુ, મારી ચેતના વિશુદ્ધ બને, મારી વાણી સત્યનિષ્ઠ, મારું સમર્પણ શાંત, નિરપેક્ષ અને સંપૂર્ણ બને અને મારું સ્વરૂપ પ્રકાશ અને પ્રેમનો સાગર.

(૧૬) પ્રભુ, તમારું બળ, તમારો પ્રકાશ અને તમારો પ્રેમ બધાં જ અનિષ્ટોમાંથી મને રક્ષણ આપે.

(૧૭) હે માતાજી, તું જ છે મારા બુદ્ધિનો પ્રકાશ, મારા આત્માની શુદ્ધિ, પ્રાણનું સ્વસ્થ સામર્થ્ય, શરીરની સહનશક્તિ, હું કેવલ તારી ઉપર જ આધાર રાખું છું. મારે કેવળ તારા જ બનવું છે. મારા બધાં જ વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરાવ.

(૧૮) અમારામાં ચેતના અને શાંતિની વૃદ્ધિ થાઓ, જેથી અમે તારા ધર્મના વિશ્વાસુ મધ્યસ્થીઓ બનીએ.

(૧૯) પ્રભુ, અમે મૌનમાં રહી તારા બળને ગ્રહણ કરીએ. તારા સંકલ્પને સમજીએ.

(૨૦) પ્રભુ, તારો પ્રેમ એટલો મહાન, એટલો ઉમદા અને એટલો વિશુદ્ધ છે કે તે અમારી સમજ-શક્તિની બહાર છે. તે અમાપ અને અનંત છે, પણ તે એટલો મધુર છે કે એક બાળક પણ તારા નજીક આવી પ્રેમની મધુરતા માણી શકે છે.

(૨૧) પ્રભુ, તારા પરમ-સૌંદર્યનો જગતમાં આવિર્ભાવ કરવાના અમે કરણો બનીએ.

(૨૨) પ્રભુ, કૃપા કર. હાલમાં અમારી સમક્ષ પ્રગટેલા રહસ્ય પ્રમાણે અમે પૂર્ણ રીતે જીવીએ.

(૨૩) હે પ્રભુ, તને સર્વ વસ્તુ શક્ય હોવાથી, અમને લાગતી બધી અશક્યતાઓને સમગ્ર વિગતોમાં દિવ્ય સાક્ષાત્કાર રૂપે સિદ્ધ કર.

(૨૪) પ્રભુ, આ હૃદયને વિશાળ રીતે ખુલ્લું કર, જેથી વેદનાગ્રસ્ત લોકોને તેમાં એક સર્વોચ્ચ આશ્રય મળે.

(૨૫) બધા જ સંજોગોમાં પ્રભુનો વિજય નિહાળવો એ પ્રભુના આગમનને ઝડપી બનાવવાનો માર્ગ છે.

(૨૬) મારા પ્રભુના નામ ઉપર, મારા પ્રભુની ખાતર, મારા પ્રભુની ઈચ્છા સાથે, મારા પ્રભુની શક્તિ વડે અમને હેરાન કરતો તું, (અહંકાર) તાત્કાલિક બંધ થા.

**સવારની પ્રાર્થના**

૭ હે મારા પ્રભુ, મધુર માતાજી, મને તમારો જ બનાવો, કેવળ તમારો, પૂરેપૂરો તમારો. તમારું બળ, તમારો પ્રકાશ અને તમારો પ્રેમ બધાં જ અનિષ્ટોમાંથી મને રક્ષણ આપશે. હે મારા પ્રભુ, મધુર માતાજી, હું તમારો છું, પૂર્ણ રીતે તમારો બની રહું.

**રાત્રીની પ્રાર્થના**

૮ મારા પ્રભુ, મધુર માતાજી, તમારું બળ, તમારો પ્રકાશ અને તમારો પ્રેમ મારી સાથે છે. તમે સર્વ મુશ્કેલીઓમાંથી મને બચાવી લેશો.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# ઓંકાર : પ્રણવનું કાર્ય

પ્રકરણ-૨૪

(Savitri B-1, C-4, P-60)

All she foresees in masked imperative depths;
The dumb intention of the unconscious gulfs
Answers to a will that sees upon the heights,
And the evolving Word's first syllable
Ponderous, brute-sensed, contains its luminous close,
Privy to a summit victory's vast descent
And the portent of the soul's immense uprise.

પ્રકૃતિને ભાવિના દર્શન તેણે ધારણ કરેલા પ્રભુના સંકલ્પને કારણે થતા હોય છે, તે જાણે પ્રભુની આજ્ઞાસ્વરૂપ (imperative) લાગે છે તેના અંતઃકરણમાં જાણે ઊંડેઊંડે તે તેને અનુભવાય છે (depths) પણ તે હજી સમગ્ર રીતે તેની સામે પ્રગટ થયેલા હોતા નથી. તેથી હજી આંશિક રીતે સ્પષ્ટ અને અસ્પષ્ટ લાગે છે. કાળના અગાધ પેટાળમાં તે હજી અદૃશ્ય થઈ જતા લાગે છે. (masked) આવા હજી સુધી જેઓ સક્રિય થયેલા નથી તેવા સંકલ્પો, ઉપર ઉપરથી તો અચેતન જ લાગે છે (unconscious) અને તે જાણે પ્રભુ ચેતનાના મહાસાગરનો થોડોક ભાગ અખાત (gulfs) તરીકે પ્રકૃતિનાં પ્રદેશમાં પ્રવેશેલો લાગે છે. તેનો પ્રગટ થવાનો હેતુ નિશ્ચિત હોવા છતાં હજી તે પ્રકૃતિને સ્પષ્ટ થયેલો ન હોવાથી તે જાણે મૂક સંકલ્પ (dumb intention) જેવો લાગે છે. પણ પ્રકૃતિનો આ ભાગ ઊર્ધ્વમાં રહેલા પ્રજ્ઞા-શક્તિની પ્રેરણાઓને જવાબ આપે છે (Answers to a will that sees upon the heights)

આ ઊર્ધ્વ અવસ્થા એટલે ઑઁકાર નાદના પ્રગટીકરણનો પ્રથમ તબક્કો હોય છે (evolving Word's first syllable) ઑઁકાર નાદનો 'અ' એ સંકલ્પ સક્રિય થવાનો તબક્કો છે, જાગરણનો તબક્કો છે, તે જાણે પ્રભુની જાગૃત-અવસ્થારૂપ બની જાય છે. આ ખૂબ જ મંદસ્વરનો નાદ છે. ભારે અવાજ છે (Ponderous) બ્રહ્માનાં જાણે સર્જન-શક્તિનો ધ્વનિ છે. સરસ્વતીનો જાણે ઘેરો વીણા-નાદ છે. તેનો અર્થ અને હેતુ હજી અપ્રગટ જ હોય છે અને તેથી અજ્ઞાનભર્યો, બુદ્ધિશૂન્ય જ લાગે છે (brute-sensed) પણ તે વાસ્તવિકતા હોતી નથી. તેણે પોતાની અંદર પ્રજ્ઞા-શકિતનો પ્રકાશ ધારણ કરી રાખેલો જ હોય છે પણ તે હજી બહાર પ્રગટ થયેલો હોતો નથી એટલું જ. (luminous close) તેણે ગુપ્ત રીતે (Privy) ઉત્ક્રાંતિના કળશરૂપ આનંદમય અને વિજ્ઞાનમય સૃષ્ટિઓને (summit) ઉત્ક્રાંતિના અંતિમ વિજય સ્વરૂપે (victory) પૂર્ણ વિગતોની વિપુલતા સાથે અવતરણ કરાવી (vast descent) ભૌતિક-સ્તરે વાસ્તવિક કરવાની છે અને તેને કારણે આત્મતત્ત્વ પૂર્ણ રીતે ઉત્ક્રાંતિ દ્વારા પ્રગટ થવાનું છે (immense uprise) તેનું જાણે તે શકુન ચિહન્ (portent) કે સંકેત સ્વરૂપ બની જવાનું છે.

All here where each thing seems its lonely self
Are figures of the sole transcendent One:
Only by him they are, his breath is their life;
An unseen Presence moulds the oblivious clay.

આજે ભૌતિક જગતમાં તો એમ જ લાગે છે જાણે દરેકનો આત્મા તદ્દન સ્વતંત્ર છે અને તેનો એકબીજા સાથે કોઈ સંબંધ નથી. લાયબ્નીઝ આવી સ્થિતિના આત્મતત્ત્વને (Monads) મોનેડેસ કહેતા. આ જાણે સાચા આત્મા ન હોઈને તે એક જ પરાત્પર પ્રભુના (sole transcendent One) જાણે સીમિત આવિર્ભાવ માત્ર છે (figures) એવું લાગે છે. પરાત્પર પ્રભુના કારણે જ તેમનું અસ્તિત્વ છે. પ્રભુનાં સક્રિય બનેલા સંકલ્પનું પ્રકૃતિમાં અવતરણ સ્વરૂપ ઉચ્છ્વાસ જ (breath) જાણે તેમનું જીવન લાગે છે. તેમની

સચેતનતાનો આધાર લાગે છે. એમ જ લાગે છે કે આ ઇન્દ્રિયગોચર ભૌતિકતત્ત્વને (oblivious clay) કોઈ અદૃશ્ય (unseen) પ્રજ્ઞા-શકિતની હાજરી (Presence) જ પ્રભુના સંકલ્પાનુસાર ઘાટ આપી રહી છે. પ્રભુનો સક્રિય સંકલ્પ એ જ પ્રજ્ઞાશક્તિનું કાર્ય હોય છે. તે જ પ્રભુના સંકલ્પોને પોતાની સમર્થ શક્તિથી (ઈશ્વરી) પ્રભુની અનંતતામાં ખેંચી લાવી તેમને ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં મૂકે છે.

A playmate in the Mighty Mother's game.
One came upon the dubious whirling globe
To hide from her pursuit in force and form.

આવા સીમિત લાગતા જીવો ખરેખર તો સમર્થ પ્રકૃતિ માતાના (Mighty Mother's)ના સોબતી છે. (playmate) જે આ અંતરિક્ષમાં ઘૂમતી પૃથ્વી ઉપર આવ્યા છે. આ પૃથ્વી આજે અવચેતન અને અચેતનના પ્રભાવ નીચે જાણે તંદ્રાધીન છે (dubious) આ તો જાણે પ્રકૃતિ અને પુરુષ (જીવો) વચ્ચે આંખમિચોલીની રમત રમાઈ રહી છે. પ્રકૃતિમાતા કહે છે ''મેં ઢૂંઢૂં તું છૂપ જા'' અને પુરુષો નાના બાળકની જેમ પ્રકૃતિમાતાનો જ પાલવ ઓઢી પોતાને શોધવા કહે છે. પ્રકૃતિમાતા જાણે છે પણ એવી રમત રમે છે જાણે તે શોધીશોધીને થાકી જાય છે, પણ પુરુષો, તેનાં બાળકો, તેને મળતા જ નથી. છેલ્લે આ જીવાત્મા જ પોતે પ્રગટ થાય છે, પેલો જગન્માતાનો પાલવ ખસેડીને! બન્ને રમતનો આનંદ શોધી કાઢવાનો આનંદ અનુભવે છે. આ બધું ફક્ત આત્મતત્ત્વમાં જ ધરબાઈ રહેલ આનંદને વ્યકત કરવા માટે જ કરવામાં આવે છે. પ્રકૃતિમાતા આ રમત માટે વૈશ્વિક શક્તિઓ અને બળોનું સ્વરૂપ (force) ધારણ કરે છે, જ્યારે પુરુષો પોતે વિવિધ યોનિઓના શરીરો ધારણ કરે છે (forms)

A secret spirit in the Inconscient's sleep.
A shapeless Energy, a voiceless Word.
He was here before the elements could emerge.
Before there was light of mind or life could breathe.

આપણા અવચેતન અન અચેતનની તંદ્રા નીચે Inconscient's sleep

એક ગુપ્ત આચ્છાદિત આત્મતત્ત્વનો અંશ રહેલ છે (secret spirit) તે જાણે ધરતીમાં ધરબાએલું બીજ છે, જેમાંથી ઉત્ક્રાંતિની અમરવેલના કોઠા ફૂટે છે. આ ગુપ્ત આત્માને જ વેદોમાં કૃષ્ણ-સૂર્ય કહ્યો છે. સૂર્ય એ આત્માનું પ્રતીક મનાય છે. પ્રગટ આત્મતત્ત્વ એ પ્રગટ સૂર્ય છે અને અપ્રગટ આવિર્ભાવ વિનાનું આત્મતત્ત્વ એ કૃષ્ણ-સૂર્ય કહેવાય છે. ત્યાં પણ પ્રભુની પેલી પ્રજ્ઞાશક્તિ છે જ. તે તંદ્રામાં નથી પણ સદા જાગૃત છે પણ તેણે હજી કોઈ વિશિષ્ટ શક્તિ કે બળ તરીકે સ્વરૂપ ધારણ કરેલ નથી. તે આકારરહિત છે. (shapeless Energy) ત્યાં આત્મતત્ત્વે જે પ્રભુનો સંકલ્પ ધારણ કરેલ છે તે હજી સક્રિય બન્યો નથી (voiceless Word) પણ જાણે પ્રજ્ઞાશક્તિ પ્રભુના આદેશની વાટ જોઈ રહી છે. આ પ્રભુનો અંશ સ્વરૂપ આત્મતત્ત્વ (He) ઉત્ક્રાંતિ શરૂ થઈ તે પહેલાં જ અર્થાત્ અવક્રાંતિ દરમિયાન જ અહીં આવીને સ્થિર થયેલો છે. ઉત્ક્રાંતિ શરૂ જ ન થયેલી હોવાથી હજી શારીરિકતત્ત્વ કે પ્રાણમય તત્ત્વ કે મનોમય તત્ત્વ વગેરે કોઈ આવિર્ભાવ પામ્યાં જ નથી. સાવિત્રીની શરૂઆત જ આ પ્રસંગથી થયેલ છે જેમાં દેવો સ્વરૂપ પ્રભુ હજી જાગૃત થયા નથી એમ પ્રથમ વાકયમાં જ જણાવેલ છે અર્થાત્ એ વખતે જડ તત્ત્વમાં મનનો પ્રકાશ કે જીવનનો ઉચ્છ્‌વાસ નહોતો.

---

(અનુ.પૃ.૩૩ ઉપરથી) **સાંજના વાર્તાલાપો**

શકે. તે રીતે જ તે રૂપાંતર પામી શકે છે.

શિષ્ય : પણ આસુરી પ્રકૃતિમાં તે કેવી રીતે શક્ય છે.

શ્રી અરવિન્દ : તેઓ ઉચ્ચતર શક્તિ પ્રત્યે ખુલ્લા થઈ જાય તો તેમાં આવા પરિવર્તનો આવે છે,. અસુર પણ ભક્ત કે જ્ઞાની બની શકે છે.

શિષ્ય : જો તેઓ પરિવર્તન ન પામે તો તેમનો અંત કેવો હોય ?

શ્રી અરવિન્દ : તેઓ ઉત્ક્રાંતિના દબાણ તળે પોતાનો વિનાશ નોતરે. પણ તમે એમ પૂછો કે કલ્પના અંતે તેમનું શું થાય તો તેનો જવાબ દેવો અઘરો છે. તેઓ બધા સુપ્તાસ્થામાં ચાલ્યા જાય અને નવા કલ્પમાં ફરી પ્રગટ થાય એમ શાસ્ત્રો જણાવે છે. (ક્રમશઃ)

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

## અધિમનસનું અસ્તિત્વ
(ભા.-૧, પૃ.૨૮૬-૨૯૫)

પ્રકરણ - ૮

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

તેથી અતિમનસ-અવતરણ પહેલાં અધિમનસનું અવતરણ કરાવવું જરૂરી બને છે. જેથી તે અતિમનસના પ્રભાવને ભૌતિકસ્તરેથી સ્વીકારી તેને સંમતિ આપતું રહે.

અધિમનસમાંથી જગતની સર્જનક્રિયા ચાલતી હોય છે. ત્યાંનાં બળો સહજ પ્રેરણાના ક્ષેત્રમાં અવતરણ પામે છે ત્યાંથી પ્રકાશમય મનમાં અને ત્યાંથી ઊર્ધ્વમનમાં અવતરણ પામે છે અર્થાત્ આ અવતરણમાં અધિમનસ કક્ષાની ક્ષમતામાં સતત ઘટાડો જ થતો જાય છે. માનવબુદ્ધિમાં તો તે કોઈ અમૂર્ત-વિચાર તરીકે પ્રગટ થતું નથી કે પ્રત્યક્ષ-દર્શન તરીકે પ્રગટ થતું નથી, પણ એક આંતરદૃષ્ટિ અથવા નવી સમજણ તરીકે અનુભવાય છે.

અધિમનસની પણ ત્રણ કક્ષાઓ છે :

૧ મનોમય અધિમનસ તે મનોમય જગતનું સર્જન કરે છે.

૨ અંતઃસ્ફુરણાત્મક અધિમનસ ત્યાં અતિમનસની પ્રેરણાઓ અધિમનસની કક્ષાએથી આંતરપ્રેરણાઓ તરીકે પ્રગટ થાય છે અને મનોમય-અધિમનસ તે મુજબ સર્જન કરે છે.

૩ અતિમાનસિક-અધિમનસ આમાં દેવોનાં વ્યક્તિસ્વરૂપોને પરમપ્રભુના વિવિધ સ્વરૂપો કે અભિવ્યક્તિઓ તરીકેનું ભાન આવે છે તેને એકતાનું દર્શન થાય છે (એકત્વં અનુપશ્યતઃ ગીતા)

પણ જ્યાં સુધી સાધક પોતે ઊર્ધ્વમન, પ્રકાશમય મન, અંતઃસ્ફુરણાત્મક મનનો વ્યક્તિકક્ષાએ અનુભવ ન લે અને ન સમજે ત્યાં સુધી આ અધિમનસની

વૈશ્વિકકક્ષાઓને સમજવી તેને મુશ્કેલ જશે. આર્યમાં 'યોગસમન્વય'ની લેખમાળામાં 'અતિમનસ'નો ઉલ્લેખ નથી કારણ તે વખતે અધિમનસ અને અતિમનસ વચ્ચેનો ભેદ પરખાયો નહોતો, પણ તેમાં જે વર્ણન કરેલ છે તે સાચું જ છે. તેમાં અતિમનસ અવતરણ પામીને અધિમનસનું કાર્ય કેવી રીત પોતાના હાથમાં લે છે તેનું વર્ણન કરેલ છે. પરમતત્ત્વની દિવ્ય-મનીષા એ જ ઉચ્ચત્તર-અતિમનસ છે. તેનું પોતાનું સ્વતંત્ર સ્તર છે અને અસ્તિત્વ છે એ પાછળથી ધ્યાનમાં આવ્યું. અંતિમ પ્રકરણોમાં આ સ્વતંત્ર પ્રયત્ન કરેલ છે પણ તે અધિમનસનાં સ્તર તરીકે જ વર્ણવ્યો છે.

આર્યમાંનું વર્ણન મનોમય-ભૂમિકા ઉપરની હોવાથી આ ઘટના બની છે. જ્યારે શારીરિક-ચેતનામાંથી સાધક અધિમનસને જુએ છે ત્યારે જ તેને અધિમનસની ત્રુટિઓ દેખાવા માંડે છે અને તે અતિમનસ અને અધિમનસને જુદાં ગણવા માંડે છે. અધિમનસ વિભાજન સ્વીકારે છે અને તેથી અજ્ઞાનના પ્રદેશમાં પ્રવેશી જાય છે અને તેથી તે અજ્ઞાનનો નાશ કરી શકતું નથી. અધિમનસનો આડકતરો સ્પર્શ વિશ્વચેતનામાં ઉઘાડ થતાં જ આવવા માંડે છે અને વ્યક્તિનાં બધાં જ તત્ત્વો જ્યારે વિશાળતા પ્રાપ્ત કરે છે ત્યારે તે સીધેસીધો સંપર્ક બની જાય છે.

અંતઃપ્રજ્ઞાના સ્તરથી સાક્ષાત્કારનાં દ્વાર ખુલવા માંડે છે ત્યાંથી જ તે અધિમનસમાં પ્રવેશે છે. અંતઃપ્રજ્ઞાને દરેક વસ્તુનું સત્ય અલગ - અલગ લાગે છે અને અન્ય વસ્તુના સત્ય સાથે તેનો સંબંધ હજી પ્રગટ થએલો હોતો નથી; જ્યારે અતિમનસમાં સમગ્રતાનું અને આંતરિક સંબંધોનું જ્ઞાન પ્રથમથી જ હોય છે અને પછી તે દરેક વસ્તુને તે સમગ્રતાના એક અંશ તરીકે સમજે છે.

મનોમય અંતઃપ્રજ્ઞામાં વ્યક્તિગત, માનસિક સત્યપ્રાપ્તિ થાય છે. પણ સમગ્રતા હજી જણાતી નથી. અધિમનસમાં સમગ્રતાનો એક પાર્શ્વભૂમિ તરીકે જ ખ્યાલ આવે છે પણ વિવિધતા વધારે સાચી લાગે છે. અંતઃપ્રેરણા તો બધાં જ સ્તરે કામ કરતી હોય છે. તે મનોમય,પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ સ્તરે પણ જોવાં મળે છે.

વિજ્ઞાનીઓ અંતઃપ્રજ્ઞાને એક ઝડપી તર્કશક્તિ ગણે છે. તૈતરીય ઉપનિષદમાં વિજ્ઞાન એટલે ૠતમ્‌નું જ્ઞાન એવો જ સ્પષ્ટ અર્થ આપેલ છે. સમગ્રતા જે પાર્શ્વભૂમિમાં હજી રહેલી હોય છે તે જ 'ૠતમ્' છે, બીજસ્વરૂપે રહેલી છે, તેથી બુદ્ધિ એટલે જ અંતઃપ્રજ્ઞા એ વિધાન ખોટું છે.

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## જગતો અને સૂર્ય

(ઉપનિષદો - પૃ.૭૪-૮૩)

પ્રકરણ - ૮

આ વચગાળાની અવસ્થાઓ વ્યક્તિનાં જીવનમાં સૂર્ય - પ્રકાશ (આત્મજ્ઞાન) કેટલું કેળવાયેલું છે તેની ઉપર આધાર રાખે છે. જો કેળવાએલું હશે તો તે સુખમય, પ્રકાશમય અવસ્થાઓ હશે. ન કેળવાએલ હોય તો તે યાતનામય અંધકારમય અવસ્થાઓ હશે. આ જ સ્વર્ગ અને નરક છે.

પૃથ્વી ઉપરનું જીવન વિકાસ માટે છે. તે પછી તેની જરૂર પોતાના વિકાસ માટે રહેતી નથી. અન્યોના વિકાસમાં મદદ કરવા તે વ્યક્તિ પૃથ્વી ઉપર ભૌતિક જીવન ધારણ કરી શકે છે. ફરજિયાત જન્મમૃત્યુની પેલેપાર જવું એ જ જીવનનું ધ્યેય છે પણ ફરી જન્મ ન લેતા કાયમી મુક્તિ એને પણ ઉપનિષદો અંતિમલક્ષ્ય તરીકે માન્ય રાખતા નથી.

સાધનાના વિકાસના બે તબક્કાઓના કાર્યને ઉપનિષદ નીચેની રીતે વર્ણવે છે. તે માટે સૂર્ય અને અગ્નિને ઉદ્દિપિત કરવામાં આવે છે. સૂર્ય પરમ-સત્ય છે અને અગ્નિ દિવ્ય-અભીપ્સા છે જે પરમ-સત્યને મેળવવા સક્રિય છે. પરમ-સત્ય ઉપરથી અવતરણ પામે છે. અભીપ્સા નીચેથી ઉપર ચડે છે.

આ વિકાસના સાત તબક્કા સપ્તલોક તરીકે વર્ણવેલા છે. પ્રથમ પરમ સત્યલોકમાંથી અવતરણ પામી નિમ્નતમ ભૂર્લોકમાં અંતર્યામી થઈ ગયું છે. પછી તે સત્ય જ ઉત્ક્રાંત થઈ સત્યલોકને પ્રાપ્ત કરે છે. આ આવિર્ભાવને જ આપણે જગતના આવિર્ભાવ તરીકે અનુભવીએ છીએ. (ભુવનભાવ)

આ સમગ્ર સર્જનનું ચાલક બળ છે, આત્મતત્ત્વના સ્વસભાનતાનો પ્રકાશ. (સૂર્ય) તે જ છે તપસ (સંકલ્પબળ) જે દરેક આત્મામાં નિહિત છે. અંતર્યામી તરીકે રહેલું છે તેને જ ચિત્શક્તિ કહે છે.

જ્યારે આ સ્વસભાનતા સત્ ઉપર એકાગ્ર થાય છે ત્યારે સત્યલોક રચાય છે

ત્યાં શુદ્ધ અસ્તિત્વ પ્રગટે છે. ચિત્ ઉપર એકાગ્ર થાય છે ત્યારે તપોલોક રચાય છે ત્યાં ચેતના પ્રગટે છે જ્યારે આનંદ ઉપર એકાગ્ર થાય છે ત્યારે જનલોક રચાય છે. આનંદ ત્યાં પ્રગટે છે.

આ ત્રણે લોક ઊર્ધ્વાર્ધનાં છે જ્યાં સત્-ચિત્-આનંદ હજી જુદાં પડ્યાં નથી પણ એક જ ત્રિમૂર્તિ તરીકે છે.

નિમ્નગોલાર્ધમાં ત્રણે જુદાં પડે છે. જુદાં પડેલા સત્ ઉપરની એકાગ્રતા ભૌતિક-તત્ત્વ રચે છે જે ભૂર્લોક રચે છે. જુદા પડેલા ચિત્તત્ત્વ ઉપરની એકાગ્રતા પ્રાણશક્તિ રચે છે જે પ્રાણમય લોક (ભૂવર્લોક) સર્જે છે. જુદા પડેલા આનંદ ઉપરની એકાગ્રતા મનસ્તત્ત્વ બને છે જે સ્વર્લોક સર્જે છે.

અહીં સત્-ચિત્-આનંદ ત્રિમૂર્તિ તરીકે એકતામાં નથી રહેતા પણ ત્રણનો સમૂહ બની જાય છે.

આ ત્રણે નિમ્નલોકમાં આત્માની ભવનક્રિયા (વિકાસ) ચાલુ રહે છે. તેમાં ચેતના (સત્-ચિત્-આનંદ) વિભાજીત જ રહે છે.

આ ઊર્ધ્વગોલાર્ધ અને અધોગોલાર્ધને જોડતો લોક છે વિજ્ઞાનમય લોક, જેમાં ચેતના બાબતનું જ્ઞાન વિશુદ્ધ બને છે (વિ+જ્ઞાન) વિમલજ્ઞાન બને છે અને તેથી સત્-ચિત્આનંદની અખંડતાનું ભાન થાય છે. વિશાળ - ચેતનાનો અનુભવ કરે છે. ઋત્-ચેતના પ્રગટ થાય છે. આ સૂર્યનું સાચું અને સર્વોત્તમ સ્વરૂપ છે.

આ પ્રગટીકરણમાં બે તબક્કા સર્જાય છે : (૧) વેરવિખેર, જુદીજુદી, સત્યનાં વિવિધ પાસાંઓને પ્રગટ કરતી આંતરપ્રેરણાઓને યોગ્ય રીતે ગોઠવી જોડવામાં આવે છે. અલગઅલગ આંતરપ્રેરણા એ અલગઅલગ સૂર્યકિરણો છે તેમને સમૂહમાં ગોઠવવામાં આવે છે. આને લીધે સમગ્રતાનો ખ્યાલ આવે છે. છતાં અંતે તો તે જોડાણ જ હોય છે. સાચું સમગ્રતાનું દર્શન હોતું નથી. તે પછી જ સાચું સમગ્રતાનું અખંડદર્શન થાય છે. આ દર્શનક્ષમતા જ સૂર્યનું મૂળ સ્વરૂપ છે. તેમાં તમે વિભાગો ઉપરથી સમગ્રતામાં જતાં નથી. પણ સમગ્રતામાંથી વિભાગોને જુઓ છો. એકતામાંથી તે વિવિધતાનું દર્શન હોય છે. તે જ પરમસત્યનું દર્શન હોય છે, જે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. તે જ પરમ-પ્રભુ છે તે જ હું છું સોહમ્નો સાક્ષાત્કાર સાધકને થાય છે. તે બધું જ છે અને બધાંથી પર પણ છે એવો તેને અનુભવ થાય છે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ દેવનું સર્જન સતત વિકાસ તથા ઉછેર દ્વારા સિદ્ધ થાય છે. સૂર્યને અનેક ગાળાઓમાં વારંવાર તે માટે પુષા તરીકે આવવું પડે છે. પૃ.૧૦૩

૨ પુષ ધાતુનો અર્થ છે પોષણ આપવું, વૃદ્ધિ કરવું. પૃ.૧૦૩

૩ ઋષિઓની પ્રાર્થનાનો હેતુ ઘણી વખત આવી પુષ્ટિ માટેનો હોય છે. પુષા સૂર્ય-શક્તિની (પોષક) તે બાજુનો પ્રતિનિધિ છે. પૃ.૧૦૩

૪ તે આપણી પુષ્ટિઓનો પ્રભુ છે. પૃ.૧૦૩

૫ પુષાનું વર્ણન દિવ્ય-સમૃદ્ધિઓના પ્રવાહ તરીકે કરેલ છે. પૃ.૧૦૩

૬ જેટલી વાર ઋષિ પ્રકાશોને ફરી વાર જેટલા પ્રમાણમાં પ્રાપ્ત કરી શકે છે. તેટલા પ્રમાણમાં પુષા પુષ્ટિને આપે છે. પૃ.૧૦૪

૭ પુષાને પ્રાર્થના - ‘પ્રકાશયુક્ત ધણનો પીછો પકડો,અમારા અશ્વોનું રક્ષણ કરો. જે ગુમાવ્યું છે તેને પાછું લાવી આપો. (૬,૫૪-૫-૬-૧૦) ગુહામાં સંતાડેલાં પ્રકાશયુક્ત રાજાને (સૂર્યને) ખોળી કાઢો. (૬,૨૩ - ૧૩-૧૪) પૃ.૧૦૪

૮ તે આપણા જન્મોના લોકનો સ્વામી છે. પૃ.૧૦૪

૯ તે આપણા જ્ઞાનને..... જવા દેતો નથી. જ્યાં સુધી આપણે તેનાં કાર્યોના નિયમોનું પાલન કરીશું. પૃ.૧૦૪

૧૦ તે સંપૂર્ણ દેવત્વનું નિર્માણ કરે છે. પૃ.૧૦૪

૧૧ પુષા ઋષિના..... પ્રકાશયુક્ત વિચારોનો રક્ષક છે. પ્રિયતમ જેમ પોતાની પ્રિયતમાની દેખભાળ રાખે તેમ રક્ષણ કરે છે. પૃ.૧૦૫

(વેદનું રહસ્ય ભા.૨ - પૃ.૧૦૬-૧૦૭)

૧ ઉષાઓની પરંપરા..... સૂર્યનાં પ્રત્યાગમનો..... પુષાની વૃદ્ધિ..... ના પરિણામરૂપે સ્રષ્ટા સવિતૃનું પ્રાગટ્ય થાય છે. પૃ.૧૦૬

૨ ઋષિએ સવિતૃના..... તેજનું ધ્યાન કરવાનું છે. જેથી તે દેવ આપણા વિચારોને પ્રેરણા દે. પૃ.૧૦૬

૩ જેને આપણે જીવન તરીકે સ્વીકારીએ છીએ તે એક દુઃસ્વપ્ન છે. પૃ.૧૦૬

૪ આપણે ભેદમય-અસ્તિત્વમાં જીવીએ છીએ. પૃ.૧૦૬

૫ આપણે દર્શનાર્થી યુક્ત જ્ઞાનને આપણા વિચારોમાં ધારણ કરવાનું છે. પૃ.૧૦૬

૬ આપણે વરુણની વિશાળતામાં, મિત્રની સંવાદિતામાં, સવિતૃની પરમ સૃષ્ટિમાં પ્રગટ થવાનું છે. પૃ.૧૦૭

૭ આપણું સમગ્ર અસ્તિત્વ સર્વત્ર સવિતૃદેવનું બની જશે. પૃ.૧૦૭

૮ સવિતૃદેવ ઋત્‌ના સ્વર્ગના ત્રિવિધ જ્ઞાનમાં સંચરે છે, ત્યારે તે વૈશ્વિક રૂપનું નિર્માણ કરે છે. પૃ.૧૦૭

૯ ઋત્‌નું સર્જન કરતા સવિતૃના કાર્યમાં..... વિવિધ પ્રકાશની સમૃદ્ધિને..... ટકાવી રખાશે. પૃ.૧૦૭

૧૦ તે પ્રકાશનો ઝબ્બો પહેરેલાં ઋષિઓએ ..... લોકોનું સર્જન કરવા માટે..... પોતાના જ્ઞાનશક્તિનાં બે હાથ (દર્શના, શ્રવણા) લાંબા કર્યા હતા. હવે તેણે સર્વ વસ્તુઓ સર્જી હતી. પૃ.૧૦૮

૧૧ હવે તે ઋત્‌નું તથા અમૃતત્ત્વનું સર્જન કરશે. પૃ.૧૦૮

૧૨ પરમ સુખને શોધતાં વિચારો એવી શક્તિ છે કે જેમને પુષા પોતાના રથમાં જોતરે છે તેઓ ‘અજા’ છે. (જન્મરહિત છે, સનાતન છે.) પૃ.૧૦૫

૧૩ પાપ શીખવાડનાર વરુને તું અમારા માર્ગમાંથી મારી હઠાવ. પૃ.૧૦૫

૧૪ પુષાને (ચેતનાના) બધાં પ્રદેશોનું જ્ઞાન છે. તે આપણને જોખમો વગરના માર્ગેથી દોરી જાય છે. પૃ.૧૦૬

* * * *

યુરોપિયન વિદ્વાનો સૂર્યને ભૌતિક સૂર્ય અને સ્વર્‌ને સૂર્યપ્રકાશિત ભૌતિક

પ્રદેશ ગણીને વેદોનો ભૌતિક અર્થ વેદોનો કાઢે છે, પણ વિવિધ સૂક્તોમાંના સૂર્ય અને સ્વર્‌ના સંદર્ભો જોતા આ અર્થ દુરાગ્રહી અર્થમાત્ર છે એ સિદ્ધ થાય છે.

વેદો માનવી-જીવનને ભૌતિક જીવન (પૃથ્વી) અને માનસિક જીવન (સ્વર્‌) વચ્ચે રુંધાઈ ગયેલું (રોદસી) જીવન ગણે છે. આ પ્રદેશમાં જ જીવતી વ્યક્તિઓ (ભુર્ભુવસ્વમાં જ જીવતા લોકો) અજ્ઞાની લોકો છે અને તેમનું જીવન ઉપરોક્ત બે પડો વચ્ચે પીસાતું દુઃખી જીવન છે એમ તેઓ ગણે છે.

સ્વર્‌નો સાચો પ્રદેશ તો માનસિક જીવનની પ્રક્રિયા ઉપર શરૂ થાય છે. તે અતિમાનસિક જીવન છે. તે જીવનમાં કેમ પ્રવેશવું, તેને નીચે અવતરણ કરાવી આપણા હાલના રોદસી વચ્ચેનાં જીવનમાં લાવી પેલા બંને પડોની દીવાલ કેવી રીતે ભાંગી નાખવી એની વિદ્યા અથવા પ્રક્રિયા જ વેદોમાં ખોવાયેલી ગાયો અને ખોવાયેલા સૂર્યને શોધીને મેળવવાની કથા દ્વારા આપણને ઋગ્વેદમાં જોવા મળે છે.

એક વખત તે સ્વર્‌નો પ્રકાશ (અતિમનસ પ્રકાશ) આપણા દુન્યવી જીવનમાં પથરાવા લાગે, એટલે એક વિશાળ પ્રકાશમય ચેતનાનો દેશ પ્રગટ થાય છે. તેને ઉરુલોક કહે છે. ઉરુ એટલે વિશાળ. પણ માનસિક જીવન પણ વિકાસ બાદ આદર્શોને કારણે વિશાળ બનવાની શક્યતા હોવાથી ખાસ પ્રકારે તેને ઉરુ ઊ લોકઃ બીજો વિશાળ લોક અથવા સંક્ષેપમાં ઉ-લોક બીજો કહે છે.

આ ઉરુ લોક રોદસી જીવનના ઉપર આવેલો પ્રદેશ છે. આ લોકમાં પ્રવેશ કેવી રીતે મેળવવો અને તે વખતે થતી આંતરિક યોગિક ક્રિયાઓ શું છે તેનું વેદોમાં પ્રતીકાત્મક વર્ણન ઠેરઠેર જોવા મળે છે.

પ્રથમ એક વસ્તુ સમજી લઈએ. સૂર્ય અને આ સ્વર્‌લોક બંને એક જ વસ્તુ નથી. તે એકબીજા સાથે સંબંધિત જરૂર છે. સૂર્ય એટલે ઋત્‌ના, સત્યના પ્રકાશનું આવિર્ભાવ કેન્દ્ર છે. ઋત્‌નો પ્રકાશ દિવ્ય હોવાથી તેને સુર' પણ કહે છે. તે પ્રભુના મૂળ સંકલ્પ સાથે સુસંવાદમાં રહેવાથી તેને 'સુર' કહે છે અને સુરને પ્રગટ કરતું નીચે અવતરણ કરાવતું કેન્દ્ર તે જ સૂર્ય. આ સુર એ અદિતિનો અદ્વિતીય ચેતનાનો, સનાતન ચેતનાનો પ્રકાશ છે, તેજ છે. તેથી તેને પ્રગટ કરનાર સૂર્યને આદિત્ય પણ કહે છે. તેની દ્વારા જે દિવ્ય પ્રકાશમય ચેતના પ્રગટ થાય છે તે જ

(અનુ. પૃ.૫૦ ઉપર)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# પ્રાચીન યોગોને નિમ્ન લેખવાની વિકૃતિ

પ્રકરણ - ૩૦

(પૃ.૧૩૩-૧૩૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. The object of spiritual seeking is to find out what is eternally true, not what is new in time. P. 133
2 Is the wisdom of the Vedant and Tantra a small and trifling thing ? P. 133
3 I have said that this Yoga is 'new' because it aims at the integrality of the Divine in this world and not only beyond it and at a supramental realisation. But how does that justify a superior contempt for the spiritual realisation which is as much the aim of this Yoga as of any other? P. 133
4 Why do you say (about old Yogas that) it is not a very difficult stage, their goal is not high, it is a long process etc. P. 133
5 The Divine is infinite and the unrolling of the Truth may be an infinite process. P. 135

શ્રી અરવિન્દ સામે કોઈ વ્યક્તિ વેદાંત, તંત્ર અને પ્રાચીન યોગો માટે ખૂબ જ નિમ્ન પ્રકારનો અભિપ્રાય આપી રહ્યો હતો. તેમના ધ્યેય કાંઈ પ્રાપ્ત કરવા જરા પણ મુશ્કેલ નથી. તેમના ધ્યેય ખૂબ જ નિમ્ન પ્રકારના છે. તેમાં આધ્યાત્મિક

ઊંચાઈ નથી. તેમની પદ્ધતિ ખૂબ જ જટિલ અને લાંબી છે અને પરિણામ સામાન્ય..... વગેરે વગેરે.....

શ્રી અરવિન્દ તે બાબત વાત કરી રહ્યાં છે. તેમનો પોતાના પૂર્ણયોગને તેઓ 'નવો' એ અર્થમાં ગણે છે કે તેમાં દિવ્યતત્ત્વને પ્રાપ્ત કરવા માટે વધુ સમન્વય સધાયો છે. તે આ જગતમાં જ મેળવવાનું છે, મૃત્યુ બાદના જીવનમાં નહીં, અને તેમાં અતિમનસ - કક્ષાના સાક્ષાત્કારની માગણી છે. પણ તેની નવીનતાના કારણે તે અન્ય યોગો કરતાં શ્રેષ્ઠ છે એવો અહંકારજન્ય ભાવ કેળવવાને કોઈ કારણ નથી. અન્ય યોગોના સાક્ષાત્કારો બાબત ઊંણું બોલવાનો તેને અધિકાર નથી, કારણ અન્યયોગોનાં ધ્યેયોનો પણ પૂર્ણયોગમાં સમન્વય તો છે જ.

અન્ય યોગો સાક્ષાત્કારમાં નીચેની વસ્તુઓનો અંતર્ભાવ કરે છે - અહંકારમાંથી મુક્તિ, બધાંમાં એક જ ચેતનાનો સાક્ષાત્કાર, વૈશ્વિક અજ્ઞાનમાંથી મુક્તિ, પરમ - તત્ત્વ સાથેની એકરૂપતામાં ચેતનાને સ્થિર કરવી. પરમ-ચેતના સાથેની મિલનની મધુરતા, નિર્વાણ વગેરે.

શું આ ધ્યેયો નિમ્ન લાગે છે ? શું તે મેળવવા સહેલાં છે ? જો સહેલાં હોત તો આશ્રમવાસી ક્યારનાં જીવનમુક્ત બની ગયાં હોય ? શું તે વાસ્તવિકતા છે ?

યોગો પરમ-સત્યની શોધ કરતા હોય છે. લોકોને કોઈ ચટાકેદાર નાવીન્યપૂર્ણ વસ્તુ આપવા માટે નહીં.

આપણે બધાં જ યોગો તરફ આદરથી જોવું જોઈએ. તેમાં જે સત્ય છે અને આપણને જરૂરી છે, તે સ્વીકારવુંજોઈએ.

અધ્યાત્મમાં અહંકારથી મુક્ત થવાની વાત આવે છે. અહંને કોઈ પણ સ્વરૂપમાં પોષવાની જરા પણ જરૂર નથી.

તમે પ્રાચીન યોગો માટે આવી અસંતુલિત વૃત્તિ ક્યાંથી મેળવી ? મને તો તેનું જ આશ્ચર્ય લાગે છે.

શ્રી અરવિન્દના આ વિચારો અને ભાવો જોતા આપણે, તેમના બાળકોએ, પ્રાચીન અધ્યાત્મશાસ્ત્રો તરફ કેવો સમન્વયાત્મક ભાવ અને વિશાળ દૃષ્ટિકોણ કેળવવો જોઈએ તેનું સૂચન અને માર્ગદર્શન મળે છે. મધુકરવૃત્તિ એ જ આમાં

પ્રશસ્ત અભિગમ લાગે છે. ઋષિઓની પ્રાર્થના કે ચારે બાજુએથી અમને સત્યો આવી મળે એ જાણે શ્રી અરવિન્દના ભાવોની પ્રતિનિધિ લાગે છે.

પણ પરમ - પ્રભુ અનંત છે. તેમને પૂરેપૂરી રીતે અભિવ્યક્ત કરવા એ શક્ય જ નથી ત્યારે દરેક નવી વિભૂતિ અથવા અવતાર એ કાંઈક નવું ઉમેરીને જ આપતા હોય છે, જે જૂના યોગોમાં હોતું નથી. પણ આ પ્રક્રિયા તો અનંતકાળ સુધી ચાલવાની છે. તેથી નવી વિભૂતિ કે અવતાર પાસેથી જે નવું જાણવા મળે છે તે માટે પણ આદર રાખવો જરૂરી છે. 'જૂનું' તે 'સોનું' આવો બંધિયાર વિચાર સત્યશોધક માટે નુકસાનકારક છે. જે જૂની પરંપરા યોગ વિષે સાચી સમજણ આપે છે તે નમ્રતાથી સ્વીકારવાની છે. નવું કોઈ તત્ત્વ આવે તેને સ્વીકારી જૂના સાથે સમન્વય કરતા જવાનો છે. આ જ છે સત્યશોધકનો ભાવ. તે દરેક વસ્તુ માટે ખુલ્લા દિલથી વિચાર કરતો હોય છે.

---

(અનુ. પૃ.૪૬ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

પ્રકૃતિના અખંડ ભાગ બનીને તેની સાથે જાય છે. તે પોતાની સ્મૃતિઓ પણ સાથે લઈ જાય છે. પણ આ પ્રગતિ વ્યક્તિદીઠ અલગ અલગ કક્ષાની હોય છે. આપણા મનોમય, પ્રાણમય, સૂક્ષ્મ પાર્થિવ ભાગો દિવ્ય બનવા એટલે ચૈત્યપુરુષની સભાનતાથી સભાન બનવા. ઘણી વખત ખૂબ જ સંવેદનશીલ ઘટના બની હોય તો તેના પણ સંસ્કારો નવા જન્મમાં રહી જાય છે. પણ તે અવચેતનમાં રહે છે. અને સપનારૂપે, સંસ્કારોરૂપે પ્રગટ થાય છે. જે વ્યક્તિ આંતરિક ચેતનામાં પ્રવેશી શકતો હોય છે તે આ વસ્તુઓ જીવનમાં પ્રગટ કરી શકે છે તે તેનાં બાહ્યવર્તન ઉપર પણ પરિણામ કરે છે. તે જાણે છે કે પેલા સંસ્કારોએ તેના જીવનને કઈ વિશિષ્ઠતા આપી છે.

ઉપરના સૂત્રમાં મર્ત્યતાનો અર્થ અભાવ એવો છે. ગીતા કહે છે તેમ ''નાસતે વિદ્યતે ભાવો, નાભાવો વિદ્યતે સતઃ'' અર્થાત્ અસત્‌માંથી સાચી વસ્તુ રચાતી નથી અને સત્ કોઈ વખત અસત્ બની શકતું નથી.

# ભણતર સાથે ગણતર પણ જોઈએ.

પ્રકરણ - ૧૨

એક ગામમાં ચાર બ્રાહ્મણ મિત્રો રહેતા હતા. તેમણે વિચાર કર્યો કાશીએ જઈને એવી વિદ્યા શીખવી જે કોઈને ન આવડે.

ચારે પહોંચી ગયા કાશીએ. પૂરું એક વરસ અલગ અલગ ગુરુ પાસે ભણ્યાં. તે પૈકી ચોથો વિવેકી હતો. તેને ગુરુએ કહેલું, ''વિદ્યા વિવેકથી વાપરવી, નહિ તો તે અપાય કરે છે.''

રસ્તામાં ચારે જતા હતા. ત્યારે પોતપોતાની વિદ્યાનો પરચો જોવાનો નિર્ણય કર્યો.

તેઓ જંગલમાંથી જઈ રહ્યાં હતા ત્યારે તેમને રસ્તામાં કોઈ પ્રાણીના વેરવિખેર હાડકાં દેખાયા. પહેલા મિત્રે પોતાની વિદ્યાનો મંત્ર બોલતા જ તે હાડકાં હાડપિંજર તરીકે ગોઠવાઈ ગયા. બીજાએ મંત્ર બોલતા તેમાંથી શરીર રચાયું. ચોથો બોલ્યો, ''અરે, આ તો વાઘ છે, ધ્યાન રાખજો. ક્યાંક આપણને જ ફાડી ન ખાય.''

ત્રણે મિત્રો ખડખડાટ હસ્યા, ''તું તે વેદિયાનો વેદિયો જ રહ્યો, ડરપોક ક્યાંનો''

ત્રીજો મંત્ર ભણી પ્રાણ પૂરવા જતો હતો ત્યારે ચોથાએ રોક્યો.

''ભાઈ, મને ઝાડ ઉપર ચડી જવા દે, પછી તારો પરચો બતાવ.'

તે ઝાડ ઉપર ચડી જતા ત્રીજાએ મંત્ર ભણ્યો. વાઘ જીવતો થયો. તેણે ત્રણેને જોયા અને તરાપ મારી ત્રણેને પછાડ્યા અને મારી નાખ્યાં.

વિવેક વિનાનું ભણતર નકામું.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૩૩

## અધિમનસની આવશ્યકતા

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **સચ્ચિદાનંદ અને અજ્ઞાનમય અધોમુખ પ્રકૃતિની આ સૃષ્ટિ, એ બેની વચ્ચે અતિમાનસની ભૂમિકા આવી રહેલી છે. પૃ.૩૧**
- **..... અહીં સત્ય સર્જન, ૠત્ સૃષ્ટિ કરવા માટે અતિમાનસ આવશ્યક છે. પૃ.૩૧**
- **મન, પ્રાણ તથા દેહ જોડેના સંબંધમાં પણ સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર, અલબત્ત થઈ શકે છે. પૃ.૩૧**
- **એ..... કોઈ સ્થિર ધ્રુવ સત્ય તરીકે, અધોમુખ પ્રકૃતિને પોતાની હાજરીથી નભાવી રાખનાર વસ્તુ તરીકે અનુભવાય છે. પૃ.૩૧**
- **..... નિમ્ન પ્રકૃતિનું રૂપાંતર સાધનાર તો ફક્ત અતિમાનસની ચેતના જ સાધી શકે છે તેમ છે. પૃ.૩૧**

શ્રી અરવિન્દનાં યોગમાં રૂપાંતરનું જે મહત્ત્વ છે તેને માટે શ્રી અરવિન્દ જાણે nut shell માં જણાવી રહ્યા છે.

ઉત્ક્રાંતિમાં કોશ (sheaths) એટલે કે એક પછી એક તબક્કાઓનો વિકાસ થાય છે. અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ. આ ક્રમિક વિકાસમાં અત્યારે માનવ જાતિ મનોમય કોશ સુધી

વિકાસ પામેલ છે.

આ વિકાસની પ્રક્રિયા એટલે માનવ માટે જે તે કોશ સાથે જ જન્મ લેવો એ પ્રકારની હોય છે. માનવ જન્મતાની સાથે જ મન (મનોમય કોશ), પ્રાણ (પ્રાણમય કોશ) અને શરીર (અન્નમય કોશ) સાથે જન્મે છે. દરેક માનવમાં આ મન, પ્રાણ અને શરીરનાં તત્ત્વોની માત્રા વધુ કે ઓછા પ્રમાણમાં હોય છે. તેથી જ દરેક માનવની પ્રકૃતિ, તેનો વિકાસ જુદો જુદો હોય છે અને દરેકનો સાધના પંથ પણ જુદો જુદો હોય છે. પરંતુ સમગ્ર રીતે જોતા દરેક માનવ ઉત્ક્રાંતિના તબક્કા મુજબ જ વિકાસ કરી શકે છે.

શ્રી અરવિન્દ કહે છે કે ઉત્ક્રાંતિનો નૂતન અને આગામી તબક્કો છે, અતિમાનસ. આ અતિમાનસ જ્યારે આ પૃથ્વી પર, આ ધરાતળે આવિર્ભાવ પામે અને તે દ્વારા દરેક માનવને નવા તબક્કામાં ઉત્ક્રાંતિ સુલભ બને તે રૂપાંતરનો મુખ્ય હેતુ છે. માનવ અને અતિમાનવ વચ્ચે પણ અનેક આવિર્ભાવોની શ્રેણીઓ છે. સીધે સીધા જ માનવમાં શ્રી અતિમાનવ બની શકાતું નથી. અને વિજ્ઞાનમય તબક્કા પછી પણ આનંદમય જગત છે જ. તેથી માનવ અને આનંદમય જગતની વચ્ચે અતિમનસ આવેલ છે તેવું લાગે છે.

પરંતુ રૂપાંતર કરવા માટે આનંદમય ચેતના કાર્યરત નથી, પરંતુ વિજ્ઞાનમય ચેતના કાર્યરત છે, તે જ ઋત્ ચેતના (Truth Consciousness) છે, તે જ શ્રી માતાજીની સર્જન શક્તિ (Creative Power) છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે આનંદમય ચેતનાથી રૂપાંતર નહીં બની આવે. રૂપાંતર કરનારી શક્તિ તો અતિમનસ શક્તિ છે. માનવ તરીકે આનંદમય ચેતનાનો સાક્ષાત્કાર શક્ય છે, પરંતુ તે એકાંગી, ફક્ત વ્યક્તિ પુરતો મર્યાદિત અને સ્થિર ધ્રુવ જેવો છે. આ સાક્ષાત્કારને સર્વ સમાવેશક બનાવવો હોય તો અતિમનસની રૂપાંતર કરનારી શક્તિ જરૂરી છે. આ અતિમનસની સર્જન શક્તિ જ આ બાહ્ય જગતને રૂપાંતર કરીને પ્રભુનું આનંદમય ધામ બનાવશે.

૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬માં પ્લેગ્રાઉન્ડ પર જે અતિમનસનું અવતરણ થયું તે જ હવે સૂક્ષ્મ પાર્થિવ જગતમાં રહીને કાર્ય કરી રહ્યું છે. તે આ માનવ જાતિ પર

પોતાનો પ્રભાવ પાડીને નવી સૃષ્ટિ તરફ ધકેલી રહ્યું છે. તેના પરિણામ સ્વરૂપે બાહ્ય જગતમાં અંધાધૂંધી વધારે ને વધારે ઉભરાઈને બહાર આવતી દેખાય છે. પરંતુ તેના ગર્ભમાં તો એક નૂતન જગત માનવને માટે આકાર લઈ રહ્યું છે.

શ્રી માતાજી કહે છે :

To console you I may tell you that by the very fact that you live on earth at this time whether you are conscious of it or not, even whether you want it or not you are absorbing with the air you breathe this new supramental substance which is now spreading in the earth atmosphere. And it is preparing things in you which will manifest *very suddenly,* as soon as you have taken the decisive step.

(CWM, Vol.9, Page: 337)

ફક્ત આપણે જરૂર છે એક નિર્ણાયક પગલું ભરવાની, માં તો તૈયાર છે આપણને આ નૂતન જગતના યાત્રી અને સહભાગી કરવા.

શ્રી માતાજી કહે છે :

Let us prepare for the Hour of God. Are you ready ?

(CWM, Vol. 15, Page : 174)

---

(અનુ.પૃ.૭ ઉપરથી)

## પૂર્વભૂમિકા

સક્રિય બનશે. ત્યારે પૃથ્વી ઉપર પરમાત્માનું શાસન સ્થપાશે.

કેવી હશે એ અતિમનસની દિવ્ય સૃષ્ટિ ?

એ સૃટિ પરમાત્માના પ્રેમ, પ્રકાશ અને આનંદથી પરિપૂર્ણ સૃષ્ટિ હશે. ત્યાં સનાતન સત્ય વિચરતું હશે. ત્યાં કોઈ વિરોધ નહીં હોય, ભેદ નહીં હોય. પણ બધાં આત્માની એકતાથી જોડાયેલા હશે. ત્યાં પ્રત્યેકમાં રહેલા આત્માની અને આત્માની અંદર રહેલા પ્રત્યેકની. સર્વમાં રહેલા ભગવાનની અને ભગવાનમાં રહેલા સર્વની અનુભૂતિ થતી હશે. આ કંઈ અલપઝલપ અનુભૂતિ કે દર્શન રૂપે નહીં પણ નક્કર વાસ્તવિક સ્થિતિ રૂપે હશે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## અસુરોનું સ્વરૂપ

(૪-૪-૨૪) (૧૫-૬-૨૬) (પૃ.૧૯૭-૨૦૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : અતિમનસ કક્ષાએ અસુર છે?

શ્રી અરવિન્દ : ના

શિષ્ય : અસુરને આપે એક યોનિ (ટાઈપ) તરીકે વર્ણવેલ છે. તે સત્વોનો જ એક પ્રકાર છે એમ કહ્યું છે.

શ્રી અરવિન્દ : વેદમાં સૂર અને અસૂર બન્ને શબ્દોના અર્થો સાપેક્ષ છે. જે સત્વ પ્રભુના સંકલ્પો સાથે મેળ ખાઈને જીવન જીવે તે સુર. જે તે સંકલ્પો સાથે મેળ ખાધા વગર જીવે એ અસૂર. સુર એટલે સુરાવલિ. સંવાદમય આંદોલન. અસુર એટલે બેસુર અર્થાત્ વિસંવાદમય આંદોલન. હવે જે ક્ષણે જે સત્વ પ્રભુની ચેતના સાથે સંવાદમય લયમાં જીવતો હોય ત્યારે તે સુર સ્થિતિ કહેવાય છે. જ્યારે તે વિસંવાદમય સ્થિતિમાં જીવે તે તેની અસુર-સ્થિતિ ગણાય. આમ આ સુર-અસુર શબ્દો સાપેક્ષ છે અને પ્રાસંગિક સ્થિતિવાચક છે.

સુર અને અસુર બન્ને ઉચ્ચશક્તિ ધારક છે. પણ તેઓ તેનો અનુક્રમે સાચો અને ખોટો અનુવાદ કરે છે. તેમની સમજણમાં ફેર છે. વેદોમાં બ્રહ્માએ સુર, અસુર અને માનવોને એક જ ઉપદેશ આપેલો, પણ દરેકે પોતાની જુદી જુદી સમજણ નિર્માણ કરી એમ કહેવામાં આવ્યું છે. ('દ'નો અર્થ દમ (સંયમ) દાન અને દયા એ રીતે તેમણે લીધો) તેથી વેદોમાં ઘણી વખત ઈન્દ્રને સુર, ઘણી વખત અસુર તરીકે વર્ણવ્યો છે. પણ વેદોનાં દશમાં મંડલમાં આ સાપેક્ષ અર્થને એક

નિશ્ચિત યોનિ તરીકે ગણ્યો છે. તે પછી પુરાણોમાં પણ તેમણે તે અર્થ પ્રાસંગિક-સ્થિતિને બદલે કાયમી યોનિ તરીકે કર્યો. તેમાં સૂર કાયમ સૂર અને અસૂર કાયમ અસૂર જ રહેવાનાં છે. પણ તે અસૂરો પૈકી પણ ભક્તો બની શકે એવી છૂટ આપી છે. (દા.ત. બલીરાજા)

શિષ્ય : માનવો ભૌતિક કક્ષાનાં સત્વો છે. તેમાં શારીરિક, પ્રાણમય, મનોમય અને ચૈતસિક ભાગો અથવા સ્તરો આવેલાં છે. શું પ્રાણમય સત્વોમાં મનોમય અને ચૈતસિક સ્તરો હોય છે?

શ્રી અરવિન્દ : પૃથ્વી ઉપર ઉત્ક્રાંતિ થઈ રહી છે. તેમાં સમગ્રતા નિર્માણ કરવા ત્યાંના માનવોમાં બધાં સ્તરો આપેલાં છે. માનવો ઉત્ક્રાંત થઈ રહ્યાં છે પણ પ્રાણમય સત્વો છે તે તેવા જ રહે છે. તેઓને હું ટાઈપ કહું છુ. તેઓમાં અન્ય સ્તરોની ગરજ નથી. પણ તેને ઉત્ક્રાંત થવું હોય તો અન્ય સ્તરો સ્વીકારવા આ મૃત્યુલોકમાં જન્મ લેવો પડે છે.

પશુમાં પણ સ્તરો બધાં જ છે, પણ પ્રાણમય સ્તરમાં જ ચેતના અટવાઈ ગએલી હોય છે. ઉત્ક્રાંત થતાં જ તે અન્ય યોનિમાં જન્મ લે છે અને આગળ વધે છે.

સામાન્ય માનવમાં પણ બધાં જ સ્તરો છે અને જીવાત્મા અને જીવ (ચૈત્યપુરુષ) પણ છે. પણ તે તેની અપારદર્શક મલિન પ્રકૃતિની પાછળ છે.

શિષ્ય : અસુરો માનવ ન બની શકે?

શ્રી અરવિન્દ : માનવ ન બની શકે પણ માનવના સ્વરૂપ દ્વારા કાર્ય કરી શકે. તેને કાયમી સ્વરૂપે પોતાને વશ કરી શકે.

શિષ્ય : તે ઉત્ક્રાંત થઈ શકે?

શ્રી અરવિન્દ : ના, માનવની જેમ તો નહીં જ.

શિષ્ય : તો પછી આપ તે પણ રૂપાંતર પામી શકે એમ કેવી રીતે કહી શકો?

શ્રી અરવિન્દ : તેઓ પોતાના આસુરી કાર્ય બંધ કરી ને પ્રભુના કાર્યમાં જોડાઈ

(અનુ. પૃ.૧૭ ઉપર)

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો

## અર્યમા

પ્રકરણ - ૯

૧ અર્યમા તે આદિત્યમાંના એક છે. જ્યારે અહંકાર પ્રકાશમય બને છે ત્યારે તે અર્યમા અર્થાત્ મુક્ત, સ્વતંત્ર બને છે (અસૌવા આદિત્યોઽર્યમા (તૈતિ - સં - ૨-૩-૪-૧) તે વરુણ (બુદ્ધિનું પ્રકાશમય સ્વરૂપ) અને મિત્ર (પ્રકાશમય મન) ના સાથે મળીને કાર્ય કરે છે - સાત ધાતુ જ્યારે પ્રકાશિત બને છે ત્યારે તેને સપ્ત હોતા કહેવાય છે. તેમને હોમી દેનાર અર્યમા છે - અર્યમા સપ્તહોતૃણા હોતા (ત્તિ. બ્રા. ૨-૩-૫-૬) કારણ અહંકાર પ્રકાશમય બને ત્યારે તે સપ્તધાતુઓને પણ પોતાની પ્રકાશ ધારણાની સાધનામાં જોડી દે છે. અર્યમાનો સંબંધ પૂર્વફાલ્ગુની નક્ષત્ર સાથે દર્શાવેલ છે. અર્યમ્ણો વા એતન્નક્ષત્રં યત્પૂર્વે ફાલ્ગુની (કાઠ સં. ૮.૧) ફાલ્ગુનીનો અર્થ જે પહેલા નિરર્થક, નિરુપયોગી હતું (આધ્યાત્મિક દૃષ્ટિથી) તેન આ અર્યમા હવે સનાતન તત્ત્વ તરીકે નક્ષત્ર (ક્ષત ન થનાર) તરીકે વિકસાવે છે. આવી રીતે અર્યમા પ્રખ્યાત દાતા છે, દાનશૂર છે. એષવા અર્યમા યો દદાતિ (કાઠ. સં. ૧૧-૪) તેથી અર્યમા પોતે યજ્ઞ સ્વરૂપ જ છે. યજ્ઞો વા અર્યમા (મૈત્રા. સં. ૪-૨-૧૦)

અર્યમા બાર આદિત્યમાંના એક છે. અસૌ વા આદિત્યાઽર્યમા (તૈતિ સં. (૨-૩-૪-૧) અર્યમાનો અર્થ ચમકદાર (રુચ્છ) અને ગતિમાન પદાર્થ એવો થાય છે. તેથી તે આદિત્ય છે (ઋચ્છતિ સદાગચ્છતિ ત્યર્યમા - અર્યમાને સાત હોતાઓ પૈકી એક ગણવામાં આવ્યા છે અર્યમા સપ્તહોતૃણાં હોતા (તૈતિ બ્રા. ૨-૩-૫-૬) અર્યમાને સુબંધુ પતિવેદનમ્ કહ્યાં છે. કારણ તેઓ ભાઈની જેમ કન્યા માટે પતિને શોધી કાઢે છે. અર્યમાનો સ્વભાવ ઉદાર છે. એષ વા અર્યમા યો દદાતિ. (કાઠ. સં.

૧૧-૪) તે જીવનયજ્ઞની પ્રક્રિયા શરૂ કરે છે તેથી યજ્ઞો વા અર્યમા મૈત્રા. સં. ૪-૨-૧૦)

૨ **અશ્વિનીકુમાર** - પ્રાણ અને અપાન આ બન્ને અશ્વિનીકુમાર છે તેઓ અનુક્રમે ધન અને ૠણ વિદ્યુત પ્રભાવ ધરાવે છે. કારણ તેઓ અનુક્રમે રાત્રિ (વાસા) અને ઉષાના પુત્ર છે. વાત્સાત્યો અન્ય ઉચ્યતે ઉષ : પુત્રસ્તવાન્ય : (નિરુ : ૧૨.૨) તેમનો રથ ત્રણ સાથે રહેનાર બંધુ ત્રણ વૃત્ત અને ત્રણ ચક્રોવાળા છે. ઈડા, પિંગલા અને શુષુમ્ણા આ ત્રણ સાથી નાડીઓ છે. તેમનાથી તે આવૃત છે અને ત્રણ પ્રકારના સર્કીટ (ચક્ર)માંથી તે નિયમિત (સુવ્રતા) વહે છે (યાતમ્) અવાજ કર્યા વગર (અર્વાક્) ત્રિબન્ધુરેણ ત્રિવૃતા રથેન ત્રિચક્રે સુવૃતા યાતમર્વાક્ (ૠ-૧-૧૧૮-૨) તે સર્કીટમાંનો પ્રવાહ તરત જ દ્યુલોક (કારણ શરીર) અને પૃથ્વીલોક (ભૌતિક શરીરમાં)થી ચક્કર લગાવે છે. તે અમૃતથી (કારણ શરીર) ભૌતિક શરીર સુધી આવી (અદ્રીજ) અને પાછો જાય છે. (ઉતઃ) રથો હ વા અમૃતયા અદ્રિજૂતઃ પરિદ્યાવા પૃથિવી યાતિ સદ્યઃ (ૠ.૩-૫૮-૮) તેમને દ્યુલોકના પુત્રો કહ્યાં છે. જે શુભકર્મો કરે છે અને વિશુદ્ધિ લાવનાર છે. દિવોનપાતા સુકૃતે સુચિવૃતા (ૠ ૧-૮૨-૧) કારણ તેઓ વિવસ્વાન અને ત્વષ્ટાની પુત્રી શરણ્યૂના પુત્રો છે દ્વા મિથુના સરણ્યૂઃ (ૠ.૧૦.૧૭.૨) તેઓ દેવોના વૈદ્યરાજ કહ્યાં છે. દેવાનાં ભિષજૌ હવ્યવાહૌ (તૈતિ, બ્રા.૩-૧-૨-૧૧) કારણ તેઓ તેમના માટે હવનની આહૂતિઓ લઈ આવે છે.

અશ્વિનીકુમારો દુસ્વપ્ન નાશનું કાર્ય પણ કરે છ એવું લાગે છે. સુક્ત ૧.૧૨૦માં બધા મંત્રો અશ્વિનીકુમાર માટે છે પણ છેલ્લો મંત્ર દુઃસ્વપ્નનાશન માટેનો મંત્ર છે (અન્યથા (ૠચા) દુઃસ્વપ્નનાશિની (બૃહ ૩-૧૩૯) પોતે આત્મતત્વ હોવા છતાં પોતાને એક દુઃખી માનવી તરીકે ગણવો આ જ સહુથી મોટું દુઃસ્વપ્ન છે. તેમાંથી જગાડનાર અશ્વિનીકુમારો છે.

અશ્વિનીકુમારના જન્મનું એક આખ્યાન છે. સૂર્યદેવતાની પત્નિ ત્વષ્ટા-પુત્રી શરેણ્યુ. તે સૂર્યના આકરા તાપથી કંટાળી એક એકાંત અરણ્યમાં ઘોડી બનીને છૂપાઈ ગઈ. સૂર્યે પોતાની દિવ્યદૃષ્ટિથી તેને શોધી કાઢી. પોતે ઘોડો

બનીને તેને આકર્ષી. તેમનાં જ જોડીયાં અપત્યો તે અશ્વિનીકુમાર. સૂર્ય પોતે આધ્યાત્મિક ઉર્જા કેન્દ્ર છે. પણ તેના મનોમય, પ્રાણમય, પાર્થિવ એવા પણ સ્તરો છે. પ્રાણમય શક્તિ દ્વારા સૌર શક્તિનો આવિર્ભાવ થયો. પ્રાણશક્તિને અશ્વની ઉપમા આપે છે. પ્રાણમય સૌર શક્તિના પાંચ રૂપો.

તેમાંના પ્રથમ બે તે પ્રાણ અને અપાન. વૈદિક દેવોના આ પ્રાણમય સ્તરના નીચે મુજબના આવિર્ભાવો છે.

પ્રાણ=ઈન્દ્ર, અપાન=વાયૂ, વ્યાન=વરુણ, ઉદાન=અગ્નિ, સમાન=બૃહસ્પતી.

અશ્વિનીકુમાર પોતે શુદ્ધ ચેતના સ્વરૂપ છે (શુભસ્પતી) તેથી તેમનો પ્રકાશરંગ કપૂર જેવો શ્વેત છે. શુભ્રા યાતમશ્વિના (ઋ. ૭-૬૮-૧) તેઓ પોતાની શુભભાવનાઓથી બુદ્ધિને જીતી લે છે. મધુર ભાષી છે અને મંગળ કામના કરનારો છે. - ધિયાંજિન્વા મધુવર્ણા શુભસ્પતી (ઋ - ૮-૨૬-૬) તેમના રથને કોઈક વખત પક્ષી ખેંચે છે. તે ઉષાને અનુસરે છે. તેથી તેમને ઉષાએ જગાડેલા બોધયોષો અશ્વિના (ઋ. ૮.૯.૧૭) કહે છે. તે દેવોના વૈદ્ય છે - દૈવ્યાભિષજા (ઋ. ૮-૧૮-૮).

અશ્વિનીકુમાર ગધેડાના રથમાં બેસી વિજય મેળવે છે. ગર્ધભ રથેનાશ્વિના ઉદ્‌જાયતામ્ (નિ. ૧૨-૨) સારાંશ તેઓ યાંત્રક રીતે કાર્ય કરતી શારીરિક ચેતના સ્વરૂપે આરોગ્ય રાખવામાં વિજયી થાય છે. યાસ્ક તેમને રાત્રી અને ઉષાના પુત્રો ગણે છે. જ્યારે સાયણ તેમને વિવસ્વાન્‌થી થએલાં ઘોડીરૂપ શરણ્યુના પુત્રો ગણે છે. વિવસ્વાને પોતાનું તેજ ઢાંકીને જ ઘોડીરૂપ શરણ્યૂ સાથે રહેલા તેથી તેમને રાત્રીના પુત્ર કહ્યાં છે. તેઓ જીવનને આરોગ્યથી ટકાવે છે. તેથી ઉષાના પુત્ર.

**૩ ત્વષ્ટા**

ત્વષ્ટા એ શિલ્પી છે, નિરાકાર ચેતનામાંથી પરમ-ચેતનાના સંકલ્પાનુસાર વિવિધ અનંતરૂપો નિર્માણ કરવાનું તે કામ કરે છે. ત્વષ્ટા રુપાણિ વિકરોતિ (તૈતિ. બ્રા. ૨-૭-૨-૧) તે રૂપો નિર્માણ કરનારો માલિક છે. ત્વષ્ટા

રુપાણામીશે (તૈતિ.બ્રા. ૧-૪-૭-૧) તે પરમ-ચેતનાના સંકલ્પ પ્રમાણે જ કાર્ય કરતો હોવાથી તે સુકૃત કરે છે. સારા કાર્યો કરે છે. તેના હાથ કુશળ છે (સુપાણિઃ) તે પોતામાં રહેલ બીજ સ્વરૂપ સત્યને - ઋતને બહાર ઘાટ આપે છે. સ્વવાં ઋતાવા દેવસ્ત્વષ્ટાવસે (ઋ. ૩-૫૪-૧૨)

ત્વષ્ટા મનુષ્યોના અંગોની રચના કરે છે અને ગર્ભાધાન પણ તે જ કરાવે છે. ત્વષ્ટા વૈ પશૂનાં મિથુનાનાં રુપકૃત્ (તૈતિ બ્રા. ૨-૮-૧૧-૨) ત્વષ્ટા બાળકોને પોષણ આપે છે. ત્વષ્ટા પુષ્ટયા (અર્થવ - ૯ - ૧ - ૨)

સાયણ વિદ્યુત અગ્નિને 'ત્વષ્ટા' કહે છે. ત્વષ્ટુ દીપ્તાત્ મધ્યમાત્ વાયોઃ સકાશાત્ જનયંત વૈદ્યુતમગ્નિમ્ ઉત્પાદયંતિ (ઋ.સા.ભા.૧-૯૫-૨)

તાર્ક્ષ્ય

તાર્ક્ષ્યને અરિષ્ટનેમિ પણ કહે છે. તાર્ક્ષ્ય એટલે ગરુડ, અરિષ્ટનેમિ એટલે શંકટોને નિમાવનાર, શમાવનાર. તાર્ક્ષ્ય સાધકને ઊર્ધ્વ ચેતનામાં ચડાવીને અરિષ્ટોને શાંત કરાવી નાખનાર દેવતા છે.

અમુક ઠેકાણે તાર્ક્ષ્યનો અર્થ 'અશ્વ' ગણેલ છે અને અરિષ્ટનેમિ એટલે જેના રથની ધુરિ નષ્ટ ન કરી શકાય એવો રથ. અર્થાત્ સાધકને પરમચેતનાના સ્પર્શરૂપી ધૂરિ તોડ્યા વગર આ શક્તિ તેની ચેતનાને ઊર્ધ્વગામી કરે છે. તાર્ક્ષ્યનો અર્થ તૃક્ષનો પુત્ર એવો છે. તૃક્ષ વૃક્ષ એટલે શ્રીવન (સવન્) વૃક્ષ. તેનો પુત્ર અર્થાત્ તેના ફળ તે તાર્ક્ષ્ય. તે સવનવૃક્ષની સમિધાઓથી હવન કરી 'શ્રી' પ્રાપ્ત થાય છે. 'શ્રી' એટલે દૈવી-સંપત્તિ. એક આખ્યાન મુજબ તૃક્ષિ રાજા પોતે ત્રસદસ્યુનો વંશજ હોવાથી પોતાને તાર્ક્ષ્ય કહેવરાવતો (ગરુડ કહેવરાવતો).

## નૂતન વર્ષાભિનંદન

**આ નૂતન વર્ષ સહજ સત્સંગના સભ્યો, દાતાઓ, લેખકો, વાંચકો, હિતેચ્છુઓને જીવનના સર્વે ક્ષેત્રમાં પ્રગતિકારક મંગળમય, આનંદદાયક બની રહે એ શુભકામના.**

ટ્રસ્ટી મંડળ

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# ધ્યાન એટલે શું ?

પ્રકરણ - ૩૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Meditation by Shri Vijay. P.1-27)

૧ અંગ્રેજીમાં ધ્યાન માટે બે શબ્દો યોજાય છે. - Meditation અને Contemplation. પૃ.૧

૨ મેડીટેશન એટલે કોઈ પણ એક વિષય ઉપર મનની એકાગ્રતા. પૃ.૧

૩ કોન્ટેમ્પ્લેશન એટલે કોઈ પણ એક વિષય ઉપર મનથી વિવિધ દૃષ્ટિકોણથી વિચાર કરવો જેથી તે વિષયનું જ્ઞાન મન મેળવી શકે. પૃ.૧

૪ વિચારોથી પાછા હઠીને વિચારોને સાક્ષીભાવે જોવા એ ધ્યાન છે (વિવેકાનંદ) તેને આત્મ પરિક્ષણ માટે કરેલી એકાગ્રતા કહી શકાય. પૃ.૧

૫ ધ્યાન એટલે મનને સર્વ વિચારોથી ખાલી કરી નિર્વિચાર અવસ્થા પ્રાપ્ત કરવી (ગીતા) આને વિચાર-મુક્તિ માટે કરેલી એકાગ્રતા કહી શકાય. પૃ.૧

૬ બ્રહ્મ એ ધ્યાનનો સર્વશ્રેષ્ઠ વિષય છે..... બ્રહ્મ આંતરબાહ્ય બધું જ છે. પૃ.૨

૭ ધ્યાનને અનુકુળ બાહ્ય પરિસ્થિતિ એટલે - એકાંત અને બાહ્ય શાંતિ. શરીરની સ્થિરતા પણ સાથે જોઈએ. પૃ.૨

૮ ધ્યાનને અનુકુળ આંતર પરિસ્થિતિ એટલે ધ્યાનમાં આવતાં અવરોધોને મારી હટાવવાનો દૃઢ સંકલ્પ. સંકલ્પ ઉપરાંત આંતરિક શાંતિ અને શુદ્ધતા પણ જોઈએ. મનનું આમ તેમ ભટકવું, ભુલકણાપણું, ઉંઘ, અસ્થિર અને ઉતાવળીયો સ્વભાવ, અસ્વસ્થતા આ ધ્યાનમાં આવતા અવરોધો છે.

૯ ધ્યાન માટે સ્થિર બેસી રહેવું એ સહજ અવસ્થા છે. પૃ.૩

૧૦ સક્રિય ધ્યાન એટલે કોઈ કલ્પનામાં ભાવ પૂરીને નિશ્ચિત ભાવપૂર્ણ

પરિણામ પોતાની ચેતના ઉપર હાંસલ કરવો. પૃ.૪

૧૧ નિષ્ક્રિય ધ્યાન એટલે કોઈ વસ્તુ ઉપર એકાગ્રતા કરવી પણ તેની પાછળ કોઈ ભાવ નિર્માણ ન કરવો (ફક્ત તેના અસ્તિત્વ બાબત સભાન રહેવું) પૃ.૪

૧૨ જ્યારે તમે કોઈ વિષયનું સાતત્યપૂર્ણ ધ્યાન કરો છો, ત્યારે એક તબક્કે જુદી જ ચેતનામાં પ્રવેશી જાઓ છો અને તે જીવંત (ચૈતસિક) ધ્યાન બની જાય છે. તેમાં પ્રજ્વલિત અભીપ્સાનાં પ્રકાશમાં તમે મનમાં આવતી બધી વસ્તુઓ ને હોમતાં જાઓ છો. તે પ્રકાશમાં તમારા સ્વરૂપનું રૂપાંતર કરવાની ક્ષમતા રહેલી છે. પૃ.૪-૫

૧૩ તમે દિવ્ય-શક્તિ પ્રત્યે ઉદ્‌ઘાટિત થવા, રોજીંદી ચેતનામાંથી મુક્ત થવા, પોતાના સ્વરૂપનાં ઊંડાણમાં ઉતરવા માટે, સમગ્ર અને સંપૂર્ણ સમર્પણ કરવા માટે, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવા, રૂપાંતરની ક્ષમતા પ્રાપ્ત કરવા માટે આવા વિવિધ હેતુઓ માટે ધ્યાન કરી શકો છો. પૃ.૬

૧૪ ધ્યાનમાં માનસપ્રતિમાઓ વગેરેનો ઉપયોગ એ બધું યોગ્ય જ છે..... જો તે ધાર્યાં પરિણામ લાવતા હોય તો..... પૃ.૭

૧૫ ધ્યાનમાંની સર્વ સાધારણ સમસ્યા એ છે કે બધાં પ્રકારના વિચારોનો પ્રવાહ સતત ચાલતો રહે છે. પૃ.૮

૧૬ (વિચાર - પ્રવાહને બંધ કરવા કરતા) વિચાર પ્રવાહ ચાલતો હોવા છતાં શાંતિનું આપણા સ્વરૂપમાં અવતરણ કરાવવું સહેલું છે. પૃ.૮

૧૭ ધ્યાનમાં, સ્વરૂપમાં ઊંડે ઉતરવાની પ્રક્રિયાને મન ઊંઘી જવાનું દબાણ સમજે છે. પૃ.૮

૧૮ મગજને એકાગ્ર કરવું એ એક તપસ્યા છે, તે મગજમાં થાક લાવે છે. પૃ.૯

૧૯ જો કોઈ અચાનક ધ્યાનમાંથી બહાર ફેંકાઈ જાય તો નસોમાં આઘાત અનુભવાય છે. પૃ.૧૦

૨૦ ધ્યાન માટે પ્રયત્ન કરવાની જરૂર ન રહે તે પ્રગતિનું લક્ષણ છે. પૃ.૧૦

૨૧ ધ્યાનની જેમ કાર્ય કરતાં કરતાં ભક્તિભાવમાં રહેવું, સમર્પણભાવમાં રહેવું એ પણ આધ્યાત્મિક શિસ્તનો પ્રકાર છે. પૃ.૧૧

૨૨ તમે શારીરિક રીતે ખૂબ જ સક્રિય હોવા છતાં પ્રભુ ઉપરનાં આંતરિક

ધ્યાનની પ્રવૃત્તિ ટકી શકે છે. પૃ.૧૩

૨૩ સાચી, ટકાઉ શાંતિ શરીર, પ્રાણ અને મનમાં ત્યારે જ રચાય છે, જ્યારે તમે પ્રભુ પ્રત્યે પૂર્ણ સમર્પિત હો. પૃ.૧૩

૨૪ જ્યારે તમારું શરીર, સંવેદનો, ભાવનાઓ અને વિચારો પ્રભુમય બની જાય છે, ત્યારે જ તમારી પૂરેપૂરી જવાબદારી પ્રભુ સ્વીકારી લે છે. પૃ.૧૪

૨૫ તમે જે છો અને જે કાંઈ કરો છો તેનું ઉત્કટ સમર્પણ ધ્યાન કરતાં પણ વધારે પરિણામદાયી બને છે. પૃ.૧૪

૨૬ દરેક ધ્યાનના પ્રસંગે આપણા સ્વરૂપમાં કાંઈક નવું બની આવે છે. પૃ.૧૪

૨૭ ધ્યાન એક માનસિક પ્રક્રિયા છે. પૃ.૧૫

૨૮ તમે હૃદય, ભ્રુમધ્ય અથવા મસ્તકની ઉપર, તે પૈકી કોઈપણ કેન્દ્રમાં એકાગ્ર થઈ શકો છો. પૃ.૨૩

૨૯ હૃદય-કેન્દ્રમાંની એકાગ્રતા તે કેન્દ્રને અભીપ્સા, પ્રેમ, ભક્તિ, સમર્પણ દ્વારા ખોલવા માટે છે. તેથી આત્મા, મન, પ્રાણ અને શરીર ઉપરનું (અવચેતનનું) આવરણ હટી જાય છે અને તેઓ પ્રભુ પ્રત્યે ઉઘાડ અનુભવે છે. તે જ ચૈતસિક રૂપાંતર છે. પૃ.૨૩

૩૦ આંતર મન અને આંતર દર્શનના કેન્દ્રને ખોલવા માટે ભ્રુમધ્ય ઉપર એકાગ્રતા કરવી જરૂરી છે. પૃ.૨૩

૩૧ આ ભ્રુમધ્યના કેન્દ્રમાંથી ઊર્ધ્વમાં પણ (મસ્તકની ઉપર) ઉઘાડ આવે છે અને આધ્યાત્મિક અનુભૂતિ અને જ્ઞાન, તથા સ્વ સ્વરૂપના રૂપાંતર માટે અહિંથી કાર્ય પણ કરી શકો છો. પૃ.૨૪

૩૨ તમે ઉપર જણાવેલા કેન્દ્રોમાં ચેતનાને સ્થિર કરીને પ્રભુનું ધ્યાન કરી શકો છો. પૃ.૨૪

૩૩ આપેલા સંજોગોમાં પણ તમે પ્રભુકૃપાએ આંતરિક રીતે પ્રભુની સનાતન હાજરીમાં રહી શકતા હો તો તેથી સાક્ષાત્કાર પણ અનંતગણો સાચો, ઊંડો અને ટકાઉ બની જાય છે. પૃ.૨૫

૩૪ જ્યારે પણ તમને થોડી ઘણી પણ ફુરસદ મળે, તમે પોતાને કહો, ''ચાલો, અંતે મને એકાગ્ર થવા, પોતાને એકત્ર કરવા, મારા જીવનનો હેતુ ફરી જીવવા, સત્ય અને સનાતન પ્રભુને સમર્પિત થવા, થોડો તો મોકો મળ્યો !''

## ધ્યાનના પ્રકાર

૧ **સક્રિય અને નિષ્ક્રિય ધ્યાન :**

ધ્યાનમાં આંખો સામે માનસપ્રતિમાઓ ચલચિત્રની જેમ પસાર કરીને મન કોઈ દર્શન કરતું હોય છે અને તે વખતે તેના પરિણામોરૂપ ભાવો પણ ગ્રહણ કરતું હોય છે આમાં ગ્રહણશીલતા સક્રિય હોય છે. તેથી તેને સક્રિય ધ્યાન કહે છે.

નિષ્ક્રિય ધ્યાનમાં મન સાક્ષીભાવ ધારણ કરે છે. મનના પડદા પરનું સ્થિર કે ચલિત દર્શનને કારણે નિર્માણ થનારા ભાવોને પણ તટસ્થ રીતે જોતું હોય છે. ગ્રહણશીલતા હોતી નથી. તેને નિષ્ક્રિય ધ્યાન કહે છે.

સારાંશ, ગ્રહણશીલતા સક્રિય છે કે નિષ્ક્રિય તેના આધારે આ બન્ને પ્રકારો પડેલાં છે.

૨ **વ્યક્તિગત અને સામુહિક ધ્યાન :**

વ્યક્તિગત ધ્યાનમાં તમે પોતે પોતાની આંતરિક ચેતનામાં ઉતરી સક્રિય કે નિષ્ક્રિય ધ્યાન કરો છો ત્યાં હાજર અન્યોની હાજરીની નોંધ જ લેતા નથી. સામુહિક ધ્યાનમાં તમે ત્યાં હાજર વ્યક્તિઓની ઉપસ્થિતિની નોંધ લઈ તેમની સાથે પોતાને નીચેની બે પૈકી એક અથવા બન્ને પદ્ધતિથી જોડી દો છો.

**સમાવેશન પદ્ધતિ** – આમાં તમે તમારી પ્રકાશમય ચેતના વિશાળ કરીને તેમાં ત્યાં હાજર રહેલી વ્યક્તિઓને પોતાની ચેતનામાં સમાવી લો છો અને પછી પોતાની ચેતનાને પ્રભુનો સંપર્ક સાધી સમર્પિત કરી દો છો.

**સંપર્ક પદ્ધતિ** - તમે પ્રકાશમય ચેતનામાં પ્રવેશીને તે પ્રકાશના કિરણોને પોતાના હૃદયમાંથી બહાર મોકલી હાજર બધાંના હૃદય સાથે જોડી દો છો અને નાડીજલ (Web-work) રચો છો. પછી પોતાની ચેતના પ્રભુને સમર્પિત કરી દો છો.

આ ધ્યાનનો ફાયદો સમગ્ર સમૂહને મળે છે.

૩ **ચેતનાના આરોહણ અને અવતરણનું ધ્યાન :**

તમે તમારી ચેતનાને ઊર્ધ્વગામી કરીને પ્રભુમાં જઈ તેમની સાથે એકરૂપ થઈ જાઓ છો. આ છે ઊર્ધ્વરોહણનું ધ્યાન.શ્રી માતાજી બાલ્કની દર્શન વખતે

સામુહિક ધ્યાનની પ્રક્રિયા કરીને પછી આ રીતે ચેતનાનું ઊર્ધ્વારોહણ કરી પ્રભુ સાથે એકરૂપ થઈ જતા. ચેતનાના અવતરણના ધ્યાનમાં તમે પરમ-ચેતનાને પોતામાં અવતરીત થવાની પ્રાર્થના કરી તેમનું અવતરણ કરાવવામાં આવે છે અને તે પરમ-ચેતનાને ધારણ કરી રાખવામાં આવે છે. શ્રી માતાજી પ્લેગ્રાઉન્ડ ઉપર પ્રથમ સામુહિક ધ્યાનની પ્રક્રિયા કરીને પછી આ રીતે પરમ-ચેતનાનું અવતરણ કરાવી પોતામાં ધારણ કરી રાખતા અને પોતાના હૃદયને અન્યોના હૃદય સાથે નાડીજાલથી જોડી રાખતા. આવા ધ્યાન પ્રકારને કારણે જ ૨૯-૨-૧૯૫૬ના રોજ અતિમનસ ચેતનાનું અવતરણ થયું.

૪ **કર્મ કરતી વખતનું ધ્યાન :**

પ્રકાશનું ધ્યાન કરી તેને સમગ્ર શરીરમાં ઓતપ્રોત કરો. તે પ્રકાશ જ પરમપ્રભુ છે એવો ભાવ રચો. તમારા શરીરને કરણ તરીકે વાપરી તે પ્રકાશ જ કાર્ય કરે છે એમ અનુભવો. તે પ્રકાશ સ્વરૂપ પ્રભુ જ તે કર્મના ફળો સ્વીકારી આનંદ અનુભવે છે એવો ભાવ રચો. તમે કર્મના કર્તા પણ નથી અને ભોકતા પણ નથી એવો ભાવ સ્થિર કરો.

૫ **ઊંઘ પહેલાનું ધ્યાન :**

પોતાને પ્રકાશથી સભર કરો પ્રકાશ સ્વરૂપ પ્રભુને પ્રાર્થના કરો -

(૧) તમારામાં નિદ્રા દરમિયાન ભરપૂર શક્તિસંચય થાય.

(૨) નિદ્રા દરમિયાન પ્રભુ તમારું સંરક્ષણ કરે.

(૩) સુતા પહેલા શાંત મનથી પોતાના શરીરમાં પ્રકાશને સ્થિર કરીને ઊંઘમાં પ્રવેશો તો તે પ્રકાશને અવચેતન પોતે ધારણ કરવા માંડશે. તેથી અવચેતન બાબતમાં તમે સપના દ્વારા સભાન બનીને અવચેતનમાંથી ધીમેધીમે મુક્તિ મેળવશો.

(૪) મધ્યરાત્રીએ જાગો તો ત્યારે પણ આવું જ ધ્યાન કરો.

(૫) સવારે ઉઠો ત્યારે પ્રકાશનું ધ્યાન કરી પ્રાર્થના કરો કે આજના દિવસે તે દરેક કર્મ કરતી વખતે તમારા કરણ તરીકે જ કાર્ય કરે. સદા તમને સમર્પિત રહે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## આત્મસમર્પણ

પ્રકરણ - ૬ (પૃ. ૧૬-૧૯)

**૧૪ અશેષ સમર્પણ એટલે શું?**

અશેષ સમર્પણ એટલે સમગ્ર સમર્પણ. તેમાં સાધક દરેક કર્મને તેની પૂરેપૂરી વિગતો સાથે સમર્પિત કરતો હોય છે. સારાંશ, પ્રકૃતિની કોઈ ગતિવિધિ તેમાંથી બાકાત રહેતી નથી.

**૧૫ કેન્દ્રસ્થ સ્વરૂપનું સમર્પણ એટલે શું, ચૈત્યપુરુષનું સમર્પણ?**

ના, ચૈત્યપુરુષ તો પ્રભુને સમર્પિત હોય જ છે. પણ મનોમય, પ્રાણમય, શારીરિક પુરૂષ જે પોતપોતાની પ્રકૃતિના કેન્દ્ર છે. તે સમર્પિત હોતા નથી, તેમની સાથે મળીને સમગ્ર રીતે ચૈત્યપુરુષ જીવાત્માના સહયોગથી સમર્પણ કરે તેને કેન્દ્રસ્થ પુરૂષનું સમર્પણ કહે છે.

ચૈત્યપુરુષ એ જીવ છે. જીવાત્મા એ બધાં પુરુષોનો કેન્દ્રસ્થ પુરુષ છે. કેન્દ્રસ્થ પુરુષ છે. મનોમય, પ્રાણમય, શારીરિક પ્રકૃતિનો કેન્દ્રસ્થ પુરુષ મનોમય પુરુષ. પ્રાણમય પુરુષ અને શારીરિક પુરુષ છે. તેઓ સમર્પિત થાય તો ચૈત્યપુરુષ અગ્રભાગે આવી જાય છે.

**૧૬ કેન્દ્રસ્થ પુરુષનું કાર્ય શું?**

જીવાત્મા એ જ ચૈત્યપુરુષ, મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ, શારીરિક પુરુષના રૂપો ધારણ કરીને પ્રકૃતિના વિવિધ તત્ત્વોનું સંચાલન કરે છે. તેથી તે જ સાચો કેન્દ્રસ્થ પુરુષ છે. તે પોતે પ્રકૃતિએ રચેલ સ્વરૂપથી ઊર્ધ્વમાં રહે છે અને ત્યાં રહીને પ્રકૃતિના કાર્યોને ટેકો આપે છે. તેમજ ઊર્ધ્વમાંથી અવતરણ પામતી પ્રેરણાઓ અને દિવ્યશક્તિઓને અવતરણનું માધ્યમ તરીકે કાર્ય કરે છે.

**૧૭ શું પુરુષ એ જ આત્મા છે?**

ના, માનવ સ્વરૂપમાં ચૈત્યપુરુષ એ જ આત્મા છે. જેણે પ્રભુની પ્રગટ હાજરી અને દિવ્યપ્રકૃતિ બન્નેને પોતામાં ધારણ કરી રાખેલી છે.

અન્ય મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ અને શારીરિક પુરુષોને આત્મા કહેવામાં આવતા નથી. તેમની પ્રકૃતિ અશુદ્ધ હોવાથી પ્રભુની હાજરી ત્યાં પ્રગટ થતી નથી.

**૧૮ સાધક પોતામાંના પુરુષોને પ્રભુને સમર્પિત ઝડપથી કંઈ રીતે કરાવી શકે?**

આ પુરુષો અખંડ અભીપ્સા સેવતા થાય અને તેમની ઉપર પ્રભુની કરુણા ઉતરી આવે તો તેઓ પ્રભુને સમર્પિત બની જાય છે.

**૧૯ શ્રી માતાજીની શક્તિ અને પ્રભુકૃપા સાધકના સ્વરૂપમાં કાર્ય કરે તેને અનુમતિ આપનાર તત્ત્વ ક્યું છે?**

તે આ કેન્દ્રિય પુરુષ જીવાત્મા છે.

**૨૦ શું મનોમય, પ્રાણમય, અન્નમય અને ચૈત્યસ્વરૂપ સર્વે પુરુષો આ કેન્દ્રિય પુરુષના પ્રભાવ હેઠળ હોય છે?**

હા, તે સર્વ પુરુષોનો અધિષ્ઠાતા અને મૂળ પુરુષ છે.

**૨૧ શું કેન્દ્રિય પુરુષ જગન્માતાની કરુણા અને કાર્યને અનુમતિ ન આપી અટકાવી શકે છે?**

ના, તે કેન્દ્રિય - પુરુષ જગન્માતાની કરુણા અને કાર્યને અટકાવતો નથી. ફક્ત કોઈક વખત અન્ય પુરુષો દિવ્ય-શક્તિના વધુ પડતા અવતરણ નીચે કચડાઈ ન જાય માટે તે કાર્ય અમુક સમય પુરતું સ્થગિત રાખે છે. કોઈ વત પોતે પાર્શ્વભૂમિમાં જતો રહીને કોઈ પુરુષને પોતાની જગ્યા આપી તેમની દ્વારા જગદંબાની કરુણા અન્ય પુરુષોને ઝીલવા દે છે અને અનુભવવા દે છે.

**૨૨ શું જગન્માતાની કરુણાનું અવતરણ જગન્માતાની અનુમતિના કારણે જ થાય છે?**

જગદંબાની કરુણા પ્રભુના સંકલ્પાનુસાર અવતરણ પામે છે. જગન્માતાનો સંકલ્પ પ્રભુના સંકલ્પથી જુદો હોતો જ નથી. પણ તે કરુણાને ઝીલવી કે નહિ એનો આધાર જે તે પુરુષની સંમતિ ઉપર આધાર રાખે છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## ધર્મ અને અધ્યાત્મ (૫૭)

## ગત જન્મની સ્મૃતિઓ (૫૮)

પ્રકરણ - ૩૮-૩૯

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૦૫ - ૧૦૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ધર્મમાં એક ઘણું મોટું આશ્વાસન એ છે કે એમાં કોઈ વાર ભગવાન તમારા હાથમાં આવી જાય છે અને તમે એને ધરાઈને મારી શકો છો. જંગલી લોકોને જ્યારે પોતાની પ્રાર્થનાઓનો જવાબ મળતો નથી ત્યારે તેઓ પોતાના દેવતાઓને મારતા હોય છે. એમની આ મૂર્ખતા વિષે લોકો હસતા હોય છે. પણ આમાં તો આ જે હસે છે તેઓ જ મૂર્ખ અને જંગલી છે (૫૭)**

બાળક : માતાજી, ભગવાનને કેવી રીતે મરાય ?

માતાજી : માનવો ભગવાનને પોતાના જેવો માનવ જ ગણે છે. તે જાણે માનવની વધારે વિશાળ અને શક્તિશાળી પ્રતિમા છે. માનવમાં તેના પોતાનો સ્વાર્થ સાધવા મદદરૂપ ન થતાં વ્યક્તિ પ્રત્યે દુશ્મનાવટ જાગે છે. તેથી તેઓ પ્રભુ પ્રત્યે પણ તેવો જ વ્યવહાર કરે છે. દા.ત. તેમને ત્રણ દિવસ પાણીનાં પાત્રમાં ડુબાડી રાખવા અથવા નદીમાં જઈ પધરાવી દેવા.

બાળક : શું માતાજી મૂર્તિમાં પ્રભુ હોય છે ?

માતાજી : કોઈ પણ મૂર્તિ લો સ્થૂળ રીતે ભયંકર લાગતી હોય છતાં તેમાં તે વસ્તુની પ્રતિનિધિરૂપ ચેતના અને હાજરી રહેતી જ હોય છે. કોઈક વ્યક્તિ તે હાજરીને બહાર પ્રગટ કરવાનું સામર્થ્ય પણ ધરાવે છે. તે પૂજારી કે દિક્ષિત હોય છે.

પણ યુરોપમાં આવી આંતરદૃષ્ટિ નથી. તેમના માટે મૂર્તિ ધાતુ કે પથ્થર કે

લાકડાનો કટકો જ છે. તેથી તેઓને તેવી હાજરી અનુભવાતી નથી. પણ તેથી તે ચેતનાની હાજરીની હકીકત ખોટી પૂરવાર થતી નથી.

બાળક : ઘણા લોકો કહે છે કે શ્રી અરવિન્દે આપેલ દર્શન એ એક નવો ધર્મ છે. શું આ વાત સાચી છે?

માતાજી : તે મૂર્ખા છે. તે એક હળાહળ જૂઠાણું છે. શ્રી અરવિન્દના લખાણોમાં દરેક વસ્તુના વિવિધ દૃષ્ટિકોણ ધરાવતા વિવરણો છે, જે તેમની પાછળનું સત્ય પ્રગટ કરે છે. શ્રી અરવિન્દ તે બધાં જ સત્યોને સંવાદમાં ગોઠવી એક વિશાળ સત્યની રજૂઆત કરે છે. આમ તેઓ મનસાતીત વસ્તુની ઝાંખી કરાવે છે. ધર્મ કાયમ માનસિક વસ્તુ હોય છે અને તે નિશ્ચિત, મર્યાદિત દૃષ્ટિકોણ સ્વીકારીને જ ઘડાએલો હોય છે. વધુમાં વધુ તેનો એક તત્ત્વદર્શક અને સાક્ષાત્કારી સંસ્થાપક પણ હોય છે. જેની અનુભૂતિઓ તે ધર્મનો આધાર બની જાય છે.

શ્રી અરવિન્દ આવા કોઈ તત્ત્વદર્શક નથી. નથી પ્રષિત. શ્રી અરવિન્દરૂપે પરમાત્મા પોતે જ આ કાર્ય કરી રહ્યાં છે. તેથી તેમની સમજણને ધર્મ કહી જ શકાતો નથી.

ભોળા લોકો કોઈ પણ આધ્યાત્મિક વસ્તુને ધાર્મિક ચોખઠામાં ગોઠવી દે છે. સાચો આધ્યાત્મિક પુરુષ બધી જ જાતની સંકુચિતતાઓ, જડ-સિદ્ધાંતોથી મુક્ત હોય છે. તેવી જ વ્યક્તિ સાચા અર્થમાં શ્રી અરવિન્દને સમજી શકશે. તે વ્યક્તિ સમન્વય કરે છે. અલગ અલગ ચોખઠાં બાંધતો નથી.

(માતૃવાણી ભાગ - ૧૦, પૃ.૧૦૭)

**મર્ત્યપણું એવી કોઈ વસ્તુ નથી. જે અમર છે તે જ માત્ર મરી શકે છે; જે મર્ત્ય છે તે જન્મી શકતા પણ નથી અને મરી શકતો પણ નથી (૫૮)**

બાળક : માતાજી, માણસ પોતાના આ જન્મના મનોમન, પ્રાણમય, શારીરિક અનુભવોને આવતા જન્મે સાથે લઈ જઈ શકે છે?

માતાજી : માણસની મનોમય, પ્રાણમય, સૂક્ષ્મ શારીરિક પ્રકૃતિ જેટલી વધારે પ્રમાણમાં ચૈત્યપુરુષની આજુબાજુ ગોઠવાઈને દિવ્ય બનેલી હોય છે તેટલા પ્રમાણમાં તેના મનોમય, પ્રાણમય, સૂક્ષ્મ, શારીરિક ભાગો પોતે ચૈત્યપુરુષની

(અનુ. પૃ. ૨૭ ઉપર)

## પ્રાસંગિક

- શ્રી હર્ષદ ઠકરાર

# નૂતન ચેતના

"At every minute the universe is recreated in its totally and in each of its parts" - The Mother

''પ્રત્યેક પળે સમગ્ર વિશ્વનું તેના સમગ્ર સ્વરૂપમાં અને તેના પ્રત્યેક ભાગમાં નૂતન સ્વરૂપે સર્જન થતું હોય છે.'' - શ્રી માતાજી

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ આ વિશ્વ સમગ્ર પણે તેના સ્થૂલ સ્વરૂપમાં તેમજ ચૈતન્ય સ્વરૂપમાં નવસર્જન પામે છે. આ નવસર્જનની ક્રિયા આપણને હિન્દુ પરંપરાના ૮૪ લાખ યોનિમાંથી પસાર થયા બાદ માનવદેહ પ્રાપ્ત થયો છે, તેની સમજણ આપે છે. આ વિશ્વે માનવ સ્વરૂપે અટકી જવાનું નથી, કારણકે આ જગત પ્રત્યેક ક્ષણે રૂપાંતર પામે છે. તેથી માનવનું દિવ્ય માનવમાં રૂપાંતર થવાનું જ છે.

વિશ્વના રૂપાંતરનું કારણ વિશ્વમાં રહેલ ગતિ છે. આ જગતમાં પ્રત્યેક ગ્રહો, તારાઓ વિગેરે સતત ગતિશીલ છે. શ્રી અનિરૂદ્ધભાઈ સ્માર્ત કહેતા કે જે ગતિશીલ છે તે પ્રગતિશીલ છે. જે પ્રગતિશીલ છે તે રૂપાંતર પામે છે.

જગતમાં આવતી રૂપાંતરશીલતા એ ચેતનાની ઉત્ક્રાંતિ છે. આપણે સૌ જાણીએ છીએ કે આ જગત અચિત્‌માંથી ઉત્ક્રાંત થઈ માનવ સ્વરૂપ સુધી પહોંચ્યું છે. શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ ઉત્ક્રાંતિ માનવ સ્વરૂપે અટકી જવાની નથી. પરંતુ મનોમય ચેતના રૂપાંતર પામી વિકાસ દ્વારા નૂતન સ્વરૂપે અતિમાનવ સ્વરૂપે પ્રગટ થવાની છે.

ચેતનાની ઉત્ક્રાંતિ અવિરત ચાલુ જ છે. તે આપણને મનોમય ચેતના ધરાવતા આદિમાનવ અને હાલના માનવની ચેતના દ્વારા અનુભવાય છે. આદિમાનવને હાલનો માનવ દેવ સ્વરૂપે અનુભવાય તેવી પ્રગતિ થઈ છે. મનોમય ચેતના મનમાંથી ઊર્ધ્વમન, ઊર્વમનમાંથી પ્રકાશિત મન, પ્રકાશિત

મનમાંથી પ્રેરણાત્મક મન અને પ્રેરણાત્મક મનમાંથી અધિમનસમાં વિકાસ પામતી રહેશે.

માનવની મનોમય ચેતના વિકાસ સાથે આપોઆપ માનવની પાર્થિવ ચેતના અને પ્રાણમય ચેતના વિકાસ પામે છે, જેનો આપણને આદિમાનવની પાર્થિવ ચેતના અને પ્રાણમય ચેતના અને આજના માનવની પાર્થિવ ચેતના અને પ્રાણમય ચેતના સરખાવતા તફાવત અનુભવાય છે.

ચેતનાની ઉત્ક્રાંતિમાં ચેતના જે ચેતનામાંથી ઉત્ક્રાંત થાય છે તે ચેતના પોતાની સાથે તેની પૂર્વની તમામ ચેતનાને પણ ઉત્ક્રાંત કરે છે, તે કારણે વ્યક્તિરૂપ અસ્તિત્વ ધરાવતા સ્વરૂપોના બાહ્યરૂપ અને ગુણ પણ વિકાસ પામે છે. ચેતનાની આ ઉત્ક્રાંતિ માનવ સ્વરૂપ સુધી આવી પહોંચી છે. ચેતનાની આ ઉત્ક્રાંતિ માનવ સ્વરૂપે અટકી જવાની નથી. કારણકે શ્રી માતાજીએ સમજાવ્યું છે તે મુજબ આ જગત સતત પ્રત્યેક ક્ષણે નવસર્જન પામતું રહે છે. આ નવસર્જન દ્વારા માનવ ઉત્ક્રાંત થઈ અધિમનસ ચેતના દ્વારા અતિમનસ ચેતનામાં અને ત્યાંથી અંતિમ અવસ્થામાં પરમ પ્રભુના સત્, ચિત્, આનંદમાં રૂપાંતર પામશે ત્યારે જ રૂપાંતરની ક્રિયા આપોઆપ અટકી જશે.

હાલનો માનવ ઉત્ક્રાંત થઈ અધિમનસમાં રૂપાંતરિત થઈ પ્રગતિ દ્વારા અતિમનસમાં રૂપાંતર પામશે. અતિમનસમાં માનવનું જીવન હાલના માનવજીવન વચ્ચે ન કલ્પી શકીએ તેવો તફાવત હશે, કારણ કે અતિમનસ ચેતના એ માનવી ચેતના ઉપરની ચેતના છે. એટલે તે મન દ્વારા સમજાવી શકાય નહીં. શ્રી માતાજીએ સમજાવ્યું છે તે મુજબ પ્રાણી અને માનવ વચ્ચે જે તફાવત છે તેનાથી પણ વિશેષ તફાવત માનવ અને અતિમાનવ વચ્ચે હશે.

અતિમનસમાં માનવનું મન પરમ ચેતનામાં રૂપાંતરિત હોય છે, એટલે માનવ ફક્ત આત્મારૂપી ચેતનાને જ અનુભવશે. બાહ્ય, મન, પ્રાણ અને શરીરને આત્માની અભિવ્યક્તિઓ તરીકે અનુભવશે. આ અવસ્થાને સમજાવતા ફ્રેન્ચ ફીલોસોફર માર્કસ ઓરેલીયસ જણાવે છે :

"O my soul, wilt thou be one day simple one, bare more visible than the body which envelops thee." - Marcus

Aurelius

માનવનું શરીર જે આત્માને ઢાંકી રાખતું હતું તેને બદલે તે શરીર એટલું તો પારદર્શક બની જશે જેથી આત્મા તેમની દ્વારા દૃશ્યમાન થશે. આ ચેતનામાં જીવતા વ્યક્તિ સ્વરૂપો પરસ્પર શરીર તરીકે નહીં, પરંતુ આત્માને આત્મા તરીકે પરમાત્માના અંશ તરીકે અનુભવશે.

ચેતનાની આ અવસ્થામાં પાર્થિવ ચેતના, પ્રાણમય ચેતના, મનોમય ચેતના તેના શુદ્ધ સ્વરૂપે અચિતથી મુક્ત પારદર્શક પ્રભુના કાર્યશક્તિ અને પ્રભુના જ્ઞાનરૂપે રૂપાંતર પામશે. ચેતનાના આ વ્યક્તિ સ્વરૂપને સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

" New forms are needed for the menifestation of new force." - The Mother

''એક નવી શક્તિના આવિર્ભાવ માટે નવા સ્વરૂપોની જરૂર રહે છે.''

- શ્રી માતાજી

નૂતન ચેતનાના આવિર્ભાવ માટે નૂતન સ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત કરવું તે સમજાવતા શ્રી માતાજીએ સમજાવ્યું છે કે માનવે તેનું જીવન નિરર્થક ઈચ્છાઓની પુષ્ટિ પાછળ વેડફવું છે કે પછી પરમ પ્રભુની ચેતના ગ્રહણ કરવા પાછળ વિતાવવું છે ? જો માનવ નિરર્થક ઈચ્છાઓની પુષ્ટિમાં પોતાનું જીવન વેડફી નાંખશે તો તેનો અંત આવી જશે. પરંતુ જો માનવ પ્રભુની ચેતના ગ્રહણ કરવાની અભીપ્સા સેવશે તો તે પ્રગતિ કરી નવા સ્વરૂપે રૂપાંતરિત થઈ વ્યક્તિ સ્વરૂપે અસ્તિત્વ ધરાવશે.

માનવનું આ નૂતન સ્વરૂપ કેવું હશે તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

" The physical being itself can be the seat of perfect existance, knowledge and bliss." - The Mother

''શારીરિક સ્વરૂપ પોતે એક સંપૂર્ણ અસ્તિત્વ, જ્ઞાન અને પરમાનંદનું ધામ બની શકે છે.'' - શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યા મુજબ નૂતન ચેતના ધારણ કરતા વ્યક્તિનું સ્વરૂપ જ્ઞાન અને પરમ આનંદનું ધામ બની રહે છે. પરમ આનંદનું ધામ બનેલ

વ્યક્તિ સ્વરૂપ પોતે ગમે ત્યાં હશે પરંતુ તેની ચેતના દ્વારા અન્ય વ્યક્તિ સ્વરૂપને આનંદ અનુભવાય છે, જેવો આપણને શ્રી કૃષ્ણની રાસલીલામાં અનુભવાય છે.

રાસલીલામાં શ્રી કૃષ્ણ કેન્દ્રમાં હોય છે અને ગોપીઓ પરીઘ ઉપર હોય છે. છતાં પણ પ્રત્યેક ગોપી શ્રી કૃષ્ણ પોતાની સાથે વ્યક્તિગત રાસ રમે છે તેમ અનુભવે છે.આ ઘટનામાં ગોપી સાથે શ્રી કૃષ્ણ નહીં પરંતુ તેની ચેતનાના અંશો રાસ રમી રહ્યા હોય છે. આ દૃષ્ટિએ વ્યક્તિના સ્વરૂપમાં ચેતના અગત્યની છે. વ્યક્તિનું શરીર તો એક કરણરૂપ જ છે.

નૂતન જગતમાં નૂતન ચેતના જ અસ્તિત્વ ધરાવતી હશે, વ્યક્તિ સ્વરૂપો તો તેના કરણરૂપે હશે.

આપણે સૌ ચેતનાની આ નૂતન અવસ્થા પ્રાપ્ત કરીએ એવી કરુણામયી માને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....


---

(અનુ. પૃ. ૨૪ ઉપરથી)

## વેદ-રહસ્ય

સ્વર્‌નો પ્રકાશ છે. તે જ્યાં સુધી ફેલાય છે તે પ્રદેશને 'સ્વર્‌' કહે છે.

આ રીતે જોતાં સૂર્ય અને સ્વર્‌ બંને ચેતનામાંથી જન્મતી ઘટનાઓ અને તત્ત્વો છે. આ સ્વર્‌ના પ્રકાશનાં કિરણો અથવા ધારાઓને જ 'ગો' ગાયો કહેવાયેલી હોય છે. આ ગાયો અને સૂર્યનો જન્મ થાય છે તેનો અર્થ તે નવીન જ રીતે નિર્માણ થાય છે તેમ નથી; પણ અપ્રગટ છે, ઢંકાયેલ છે, પડદા પાછ રહીને કામ કરી રહ્યાં છે, તે હવે અગ્રભાગે આવીને કાર્ય કરવા માંડે છે. તેથી તેમને ગુમાવેલા સૂર્ય અને ગાયોને ફરી મેળવવી એવું વર્ણન જોવા મળે છે. આપણા સ્વરૂપમાંનો સૂર્ય એટલે આપણો ચૈત્યપુરુષ. જ્યોતિષશાસ્ત્રોમાં પણ સૂર્ય ગ્રહને આત્માકારક ગ્રહ તરીકે વર્ણવેલ છે. ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવું એ જ ગુમાવેલા સૂર્યને શોધી કાઢવા જેવું છે. આ ચૈત્યપુરુષ અગ્રભાગે આવીને આપણા બધાં તત્ત્વોનું સંચાલન કરે છે પહેલાં તેનો પ્રકાશ ઉષા તરીકે અને પ્રકાશનાં કિરણો તરીકે આપણે અનુભવીએ છીએ. તેથી ગાયોને શોધવામાં ઉષાએ મદદ કરી - એવાં વર્ણનો જોવાં મળે છે. ઘણી વખત ગાયો અને ઉષાને એકરૂપ કરીને પણ વર્ણન જોવા મળે છે.



# શ્રી અરવિંદ

A Godhead stands behind the brute machine:
This truth broke in a triumph of fire;
A victory was won for God in man:
The deity revealed its hidden face.

Shri Auribindo (Savitri - B-1, C-2, P.-21)

## સત્યનો સાક્ષાત્કાર

જ્યારે ચિત્તમાં જ્વાલા, અભીપ્સાની ભડભડ બળે,
ત્યારે પ્રકૃતિની યાંત્રિકતા પાછળ, પ્રભુની શક્તિ ઉભરે,
અને સંચાલન ગૂઢ કરતી, એ સત્ય ઝળકી ઉઠે,
આમ માનવ-ચિત્તમાં, પ્રભુનો વિજય ધ્વજ ફરકે,
અને તે દ્વારા પ્રભુશક્તિનો, છૂપો ચેહરો વ્યક્ત બને.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચાતુર્વર્ણ્યનો આધાર

માનવ શરીરનું આભાચક્ર, અંડાકૃતિ પ્રકાશમય લિંગ,
વિચાર, ભાવોને પ્રગટ કરે, વિવિધ પ્રકાશરંગો રૂપે હરદિન.
પ્રકાશરંગોને વર્ણ કહે, જે પશ્યંતિ ભાષા સ્વરૂપ,
જ્ઞાની જોઈને જણાવતા, તેનો અર્થ સૂચન-રૂપ.
જે વર્ણ સ્થાયી બને, તે તેની પ્રકૃતિનો વર્ણ,
આ રીતે ચાર પ્રકાર વર્ણવે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્ર.
શ્વેત, રક્ત, પીત, શ્યામ એ, ચાર પ્રકૃતિના રંગો ગણ્યાં,
જેમણે અનક્રમે ચાર વર્ણો રચી, વિવિધતાના પાયા ભર્યાં.
દરેક વર્ણની ખાસિયત ગણી, જે જન્મજાત ને અવિરોધ્ય,
તાત્કાલિક સક્રિય બની, ઉગ્ર પ્રતિભાવ દર્શાવે જલદ.
તેને શાસ્ત્રો 'વીર્ય' કહે, તેના પ્રકાર ઉપરના ચાર,
આ છે સૂક્ષ્મજગતનો, ચાતુર્વર્ણ્યનો આધાર.
માહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી તણાં, પ્રવાહો પ્રકૃતિમાં વહે,
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની, અનુક્રમે પ્રકૃતિ ઘડે,
શૂદ્રમાં આ વહેણ બને મંદ ને અતિક્ષીણ,
તેથી તે દાસભાવ ધરી, વિકસાવે પોતાનેહરદિન.
સાત્વિક પ્રકૃતિ બ્રાહ્મણની ગણે, ક્ષત્રિયની રજોગુણી સંરક્ષક,
વૈશ્યની રજોગુણી સર્જક બને, શુદ્રની તમોગુણ દર્શક.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત